©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] THURSDAY, JUNE 4, 2026 / JYAISTHA 14, 1948 [No. 23

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages			Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	1397-1462	Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	45
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	23	Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	557-579

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./હથિયાર બંધી/૨૨૧/૨૦૨૫.- સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર, હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧)અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(ક) કોઈપણ શસ્ત્રો કે શસ્ત્રો, બંદુક, તલવાર ભાલા, ખંજર, ચપ્પા તથા શારીરિક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લાવવા- લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા, હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લઈ લાવવા જવા પર.

(ગ) શરીરને હાનિકારક એવા કોઈપણ સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઈ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો/ યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/ યંત્રો કે સાધનો લાવવા-લઈ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવુ કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ઘાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા, ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અસર સળગાવેલી મશાલ રાખવા કે રાખવામો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા પર.

(જ) કોઈપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈ પણ વ્યકિતની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નિતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની અથવા તેનો ફેલાવો કરવાની.

અપવાદ

આ હુકમનો ખડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈ પણ હથિયાર સાથે લઈ જવા ફરમાવવું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૩/૧૧/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૨૭/૧૧/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ :-૧૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૩) અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર /૨૨૨/૨૦૨૫.- સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ નથાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથઅઆ અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

અમલવારીનો સમય તથા વિસ્તાર.

સુરત પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૩/૧૧/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૨૭/૧૨/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એકટની કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જાહેરનામુ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક : એસ.બી./નો ડ્રોન ફલાય ઝોન/૨૨૩/૨૦૨૫ આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ના રોજ ભારતના માનનીય વડાપ્રધાન નાઓ સુરત શહેર ખાતે પધારનારી સુરત ગ્રામ્ય તેમજ નર્મદ જિલ્લાના કાર્યક્રમમાં જનાર છે. જેથી તેઓની સુરક્ષા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ અમુક પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે જણાવેલ સમયે વિદેશી મહેમાનો તથા મહાનુભાવશ્રીઓની સલામતીને ધ્યાને લઈ સુરત શહેરના નીચે જણાવેલ વિસ્તારોમાં ''નો ડ્રોન ફ્લાય ઝોન'' જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE) ક્વાડ કોપ્ટર(QUADCOPTER),પાવર્ડ એરક્રાફટ POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રોલાઈટ એરક્રાફટ (MICRO-LIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર / પેરાગ્લાઈડર (HANG GLIDER/PAPA GLIDER), પેરા મોટર (PAPA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PAPA JUMPING) ચલાવવાની/કરવાની મનાઈ ફરમાવવું છું

અપવાદ

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોકત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુકિત આપુ છું.

વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૨/૧૧/૨૦૨૫ ના ક ::-૦૦/૦૦ થી તા..૧૫/૧૧/૨૦૨૫ના ક.૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત

વંચાણે લીધા

(૧) ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2 તા.૧૭/૦૯/૨૫ તથા

(૨) ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2 તા.૦૭/૧૧/૨૫ તથા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ની કલમ૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (ખ), ૩૩ (૧) (ભ) અન્વયે કાઢેલ.

ક્રમાંક : વિશેષ શાખા/એ-સેકશન/પરમીટ/મકરસંક્રાતી/૧૩૧/૨૦૨૫ તા.૧૨/૧૧/૨૦૨૫. આગામી તા.૧૪/૦૧/૨૦૨૬ ના રોજ અમદાવાદ શહેરમાં મકરસંક્રાતી (ઉત્તરાયણ) પર્વની ઉજવણી થનાર છે. આ પર્વને અનુલક્ષીને (૧) અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર માર્ગો/રસ્તાઓ કે મકાનના ધાબા ઉપર ચડીને ભયજનક રીતે લોકો પતંગ ઉડાડતા હોય છે. જેને લઈને વ્યકિતઓની જાનને જોખમ ઉભું થવાની સંભાવના રહેલી છે. (૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબજ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડતા હોય છે. (૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડતા હોય છે. (૪) કેટલાક લોકો જાહેર માર્ગ ઉપર પતંગ ઉડાડતા હોય છે. (૫) તેમજ કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી લઈને આમતેમ શેરીઓ, ગલીઓ જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરતા હોય છે. જેના કારણે ટ્રાફીકને અવરોધ થતો હોય છે. તેમજ રસ્તા ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેકટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર નાખી ટેલીફોન/ઈલેકટ્રીક તારમાં ભરાયેલા પતંગ કાઢવાના પ્રયત્ન કરે, જેના કારણે ટેલીફોન/ઈલેકટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાથી શોર્ટ સર્કીટના કારને તાર તુટી જવાના કારને અકસ્માતો સર્જાવાના ગંભીર બનાવ બનતા હોય છે. તેમજ આ પર્વના દિવસે શહેર વિસ્તારમા જાહેર માર્ગો ઉપર ગૌપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરતા હોય છે. અને આમ જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયોને નાંખતા હોય છે. જેને અનુલક્ષીને જાહેરમાર્ગો ઉપર ગાયો તથા બીજા પશુઓ દ્વારા ટ્રાફીક અવરોધ પેદા થતો હોય છે. (૬) ઘણાં લોકો પતંગ ઉડાડવા માટે માંઝા અથવા દોરી કે જે, નાઈલોન અથવા સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરોનો ઉપયોગ કરતા હોય છે. આ ચાઈનીઝ દોરાઓ એકદમ ધારદાર હોવાને કારણે કોઈ વ્યકિતને શરીરના કોઈ ભાગ ઉપર ઘસાવવાથી શરીર ઉપર તીક્ષ્ણ કાપાઓ પડે છે. જેના કારણે શારીરીક ગંભીર ઈજાઓ થવાના અને કયારેક અંગો કપાઈ જવાના તેમજ કેટલાક સંજોગોમાં ઈજાગ્રસ્ત વ્યકિતનું મોત નીપજયા સુધીના ગંભીર બનાવો પણ બનતા હોય છે. તેમજ પક્ષીઓને ઈજાઓ થવાના અને મોતના બનાવો પણ બને છે. (૭) આ પર્વ નિમિત્તે અમદાવાદ શહેરા વિસ્તારમાં ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન ખૂબજ વધારે પ્રમાણમાં આકાશમાં ઉડાડવામાં આવે છે. તુક્કલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેક્સ પદાર્થોના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે. તેમજ સળગાતી તુક્કલ ગમે ત્યાં પડવાને કારણે જાનમાલ અને સંપતિને નુકશાન થાય છે. તેમજ શહેરની મધ્યમાં એરપોર્ટ (એરોડ્રામ) આવેલ હોય જેથી જાહેર જનતાની સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણી હેતુસર તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલના આદેશોને આધિન ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્નના ઉત્પાદન, વેચાણ અને ઉડાડવા ઉપર તથા નાઈલોન અથવા અન્ય સિન્થેટીક મટીરીયલ અથવા સિન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન બાયો ડીગ્રેડેબલ હોય તેવા ચાઈનીઝ દોરોના ઉત્પાદન, વેચાણ અને ઉપયોગ કરવા ઉપર હંગામી પ્રતિબંધ માટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૩(૧) (ખ), ૩૩(૧) (૧) (ભ), તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૬૩ મુજબ મળેલ સત્તા હેઠળ પ્રતિબંધ મુકતું જાહેરનામું બહાર પાડવું જરૂરી હોય.

આથી જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, (ગુજરાત રાજયના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨૧૦૮૦/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/

મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૩ (ખ) (૧), ૩૩(ભ)(૧), મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં તા.૧૩/૧૧/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૧/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ દિન-૬૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ કૃત્યો

(૧) કોઈ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ફૂટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર.

(૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ-સ્પીકર વગાડવા ઉપર.

(૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

(૪) શહેરમાં ટ્રાફિકની સ્મસ્યા ન સર્જાય તે માટે કપાયેલા પતંગ અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબૂઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવી આમ-તેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડા-દોડી કરવા ઉપર.

(૫) રસ્તાઓ ઉપર ગલીઓમાં ટેલીફોન/ઈલેક્ટ્રીકના બે તાર (વાયરો) ભેગા થવાની શોર્ટ સર્કિટના કારણે તાર તુટી જવાથી અકસ્માતો સર્જાય ગંભીર બનાવો બનતાં હોય છે, જેથી ટેલીફોન/ઈલેક્ટ્રીકના તાર ઉપર વાંસડાઓમાં લોખંડ કે કોઈપણ ધાતુના તારના લંગર (દોરી) નાખવા ઉપર તેમજ તેમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર.

(૬) જાહેર માર્ગો ઉપર કોઈપણ વ્યકિતઓ દ્વારા જાહેરમાં ગોપાલકો દ્વારા જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરવા ઉપર અને આમ-જનતા દ્વારા આ ઘાસચારો ખરીદ કરીને જાહેર રસ્તા ઉપર ગાયો/પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધ ઉભો કરવા ઉપર.

(૭) પ્લાસ્ટિક/પાકા સિન્થેટિક મટીરીયલ, ટોક્સિક મટીરીયલ, કાચ પાવડર તથા અન્ય હાનિકારક પદાર્થોનો ઉપયોગ કરી તૈયાર કરેલ તથા નોન-બાયોડીગ્રેડેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરો તથા પ્લાસ્ટિક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરોના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/દોરાના ઉપયોગ કરી પતંગ ઉડાડવા ઉપર.

(૮) દિવાળી તેમજ ઉતરાયણના તહેવાર દરમ્યાન ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્નના ઉત્પાદન, આયાત, ખરીદ વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ઉડાડવા ઉપર.

(૯) ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે વેચાતા ચાઈનીઝ માંઝા/ પ્લાસ્ટિક દોરી/ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) ખરીદ તેમજ વેચાણ કરવા ઉપર.

વધુમાં ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરીપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2 તા.૦૭/૧૧/૨૫ આધારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીટ પીટીશન (PIL) નં ૨૫૩/૨૦૧૬ ના કેસમાં થયેલ હુકમ અનુસંધાને પતંગ ઉડાવવાના કોટનના દોરા/માંજા બાબતે સ્પષ્ટીકરણ કરવામાં આવેલ હોઈ તે નીચે મુજબ સ્પષ્ટીકરણમાં જણાવેલ છે. જે મુજબના પતંગના દોરા/માંજા ઉતરાયણ પર્વ સબંધે ઉત્પાદન કર્તા તથા વેચાણ કર્તાઓએ ઉત્પાદન/વેચાણ કરવાનું રહેશે.

<u>પતંગ ઉડાવવાના કોટનના દોરા/માંજા બાબતે સ્પષ્ટીકરણ</u>

પતંગ ઉડાવવા/ચગાવવાના હેતુથી ચોખાનો લોટ, મેંદો, છોડ આધારિત, ગુંદર અને અન્ય સમાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેન્સીવની મદદથી કાંચના પાવડરનું કોટીંગ કરેલ ઓછી તિક્ષ્ણ-શકિત ધરાવતી કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો અને પરંપરાગત પ્રકિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડીગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનના દોરા પર કોટીંગ માટેનો કાંચનો પાવડર ૧૦%, થી વધુ ન હોવો જોઈએ, જયારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%, કુદરતી ગુંદર અને રંગ ૨૪%, કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાંચનો પાવડર જે કોટીંગ પદાર્થનો ૧૦%, હોઈ શકે છે પરંતુ તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ના હોવુ જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે''.

વિસ્તાર

અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંધન કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી.એકટ ૧૯૫૧ની કલમ ૧૧૩,૧૧૭,૧૩૧, હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા જી.પી.એકટ ૧૯૫૧ની કલમ ૧૧૩, ૧૧૭, ૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ૧૬૩ અન્વયે.

ક્રમાંક : વિશેષ શાખા/'એ' સેકશન/પરમીટ/ઓટો રીક્ષા/કેબ/ટેક્ષી/૧૩૨/૨૦૨૫ તા.૧૩/૧૧/૨૦૨૫. અમદાવાદ શહેર ઔધોગિક રીતે વિકસીત શહેર છે. જેથી શહેરમાં માર્ગો મારફતે જાહેર જનતાની અવર જવર મોટા પ્રમાણમાં થતી રહે છે. શહેરમાં આવતા જતા મુસાફરો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીનો બહાળો ઉપયોગ કરે છે. ભુતકાળમાં ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતા નાગરીકો સાથે છેતરપીડી, ખીસ્સા કાતરવા, મોબાઈલ ચોરી અન્ય કિમતી સામાનની ચોરી, ચીલઝડપ, લુંટ/ધાડ, મહીલા/બાળકોની છેડતી અને અપહરણ જેવા ગંભીર પ્રકારના બનાવો બનવા પાલેમ છે. આવા બનાવોમાં ભોગ બનનાર નાગરીકો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના નંબર જાણતા નહી હોવાના કારણે ગુન્હાઓ વણશોધાયેલ રહે છે.

ઉપરોકત હકિકતો અને સૂચનો ધ્યાને લેતાં અમદાવાદ શહેરની હદ વિસ્તારમાં ચાલતી તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીમાં મુસાફરી કરતાં મુસાફરો સહેલાઈથી જોઈને વાંચી શકે તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે વાહન નંબર, વાહન માલિકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ હેલ્પ લાઈન નંબર ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી ભુસાંય નહી તે પ્રકારનું લખાણ) લખવા, એ બાબતેનું જાહેરનામું બહાર પાડવાની જરૂર જણાય છે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

જેથી ઉપરોકત જણાવેલ વિગતો ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના વાહન ચાલકની સીટ પાછળ દર્શાવવાથી લોકોના જાન અને સલામતીને થતુ જોખમ નિવારવા અને લોકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર જાહેર હિતમાં જી.એસ.મલિક, આઈ.પી.એસ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબરઃ ૪૨૨/જીજી/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલીત જાહેરનામા નંબરઃ જીજી/૬/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી અધિક પોલીસ કમિશનર નાયબ પોલીસ કમિશનર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ છે હોય તે અધિકારની રૂએ નીચે મુજબની બાબતોનો તમામ ઓટો રીક્ષા/કેબ/ટેક્ષીના ચાલક તથા માલિક દ્વારા પાલન થાય તે માટેનો હુકમ કરૂ છું.

હુકમ

અમદાવાદ શહેરમાં ઓટો રીક્ષા/કેબનું સંચાલન કરતા ઓટો રીક્ષા/કેબનાં ચાલકે/ માલિકે વાહનમાં પેસેન્જર બેસવાની જગ્યાથી નજર સામે સ્પષ્ટ દેખાય તે રીતે વાહન ચાલકની સીટની પાછળના ભાગે અંગ્રેજી ભાષામાં વાહન નંબર, વાહન માલિકનું નામ, વાહન ચાલકનું નામ તેમજ અમદાવાદ શહેર પોલીસ હેલ્પ લાઈન નંબર ૧૨ ઈંચ*૧૦ ઈંચની સાઈઝના બોર્ડ ઉપર આશરે ૧૩ m.m. એટલે કે કોમ્પ્યુટરની ૫૦ ની ફોન્ટ સાઈઝ તથા રજીસ્ટ્રેશન માહિતી નંબરની વચ્ચેની જગ્યા (સ્પેસ) આશરે ૩૦ m.m. ની રાખી ફરજીયાતપણે ઓઈલ પેઈન્ટ કે કાયમી માર્કર પેન દ્વારા (એક વાર લખ્યા પછી તે પ્રકારનું લખાણ(નીચે મુજબનુ લખાણ લખવાનું રહેશે. (વાહન ચાલકો અમુક સમયે બદલાતા હોવાથી વાહન ચાલકનું નામ ભુસી શકાય તેવી સ્કેચ પેનથી લખવુ)

Vehicle No :
Owner's Name :
Driver's Name :
Police helpline No. : 112
Women helpline No. : 181
Traffic helpline No. : 1095

અમલવારીનો સમય

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તા.૧૫/૧૧/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦/૦૦ થી તા.૧૩/૦૧/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૨/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા :-

(૧) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર જાહેરનામા ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૧/૨૦૧૯, તા.૨૭/૫/૨૦૧૯ તથા

(૨) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર જાહેરનામા ક્રમાંક : ગ/ઉપક/ ટ્રાફિક/૧૬/૨૦૧૯, તા.૧૧/૭/૨૦૧૯ તથા

(૩) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર જાહેરનામા ક્રમાંક : ગ/ઉપક/ ટ્રાફિક/૨૭/૨૦૨૧, તા.૧૮/૧૨/૨૦૨૧ તથા

(૪) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર જાહેરનામા ક્રમાંક : ગ/ઉપક/ ટ્રાફિક/૨૦/૨૦૨૨, તા.૭/૭/૨૦૨૨ તથા

(૫) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર જાહેરનામા ક્રમાંક : ગ/ઉપક/ ટ્રાફિક/૫૨/૨૦૨૨, તા.૨૩/૧૨/૨૦૨૨ તથા

(૬) પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર જાહેરનામા ક્રમાંક : ગ/ઉપક/ ટ્રાફિક/૫૩/૨૦૨૨, તા.૨૩/૧૨/૨૦૨૨ અન્વયે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (ઈ) અન્વયે.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ ટ્રાફિક/૪૦/૨૦૨૫, તા.૧૮/૧૧/૨૦૨૫.- હું, જી.એસ.મલિક, I.P.S., પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) (ઈ) અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં જાહેરમાં રખડતાં ઢોરના કારણે થતી માર્ગ અકસ્માતો અટકાવવા તેમજ રાહદારી અને વાહન સાથે મુસાફરી કરતાં નાગરીકોને સુરક્ષા પ્રદાન કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરૂ છું.

હુકમ

અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેરમાં રખડતા ઢોરનો ઉપદ્રવ છેલ્લા કેટલાંક સમયથી વધી ગયેલ છે. તેમજ ભુતકાળમાં આ પ્રકારે રખડતા ઢોરને કારણે માર્ગ અકસ્માતમાં વ્યકિતઓના મૃત્યુ પણ થયેલ છે. આ પ્રકારે રખડતા ઢોરનો કારણે આમપ્રજામાં ત્રાસ અને ભયનું વાતાવરણ ઉત્પત્ર થયેલ છે. જેથી આ પ્રકારના ભય અને ત્રાસને દુર કરવા અને રખડતા ઢોરની પ્રવૃત્તિને કાબુમાં લઈ માર્ગ અકસ્માત નિવારવા અત્યંત જરૂરી બાબત બની ગયેલ છે. તેમજ શહેરમાં જાહેર જગ્યાઓએ પશુત્રાસ પ્રશ્નના નિવારણ તથા અટકાવનું કાયમી નિરાકરણ લાવવું પણ જરૂરી છે.

પોલીસ કમિશનર, અમદાવાદ શહેરની હુકમત હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા તમામ ઢોરના (ગાય,ભેસ વિગેરે ઢોર) માલિક, ગોપાલકોએ દિન-૬૦ માં પોતાની માલિકાના તમામ ઢોરને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી લગાડવામાં આવનાર ટેપ તથા ચીપ લગાવડાવી તેના દ્વારા પોતાના ઢોરનું રજીસ્ટ્રેશન ફરજીયાત પણે કરાવી લેવા તેમજ ટેગ તથા ચીપ લગાડેલ ઢોરની માલિક બદલાય એટલે કે, આવા રજીસ્ટ્રેશન કરાવેલ ઢોરના જો માલિક દ્વારા વેચાણ, ગીરો, બક્ષીશ અથવા વારસાઈરૂપે માલિકી હક્ક બદલાય તો તેની જાણ જે તે ઢોરના માલિકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા, એ જ પ્રમાણે જો ઢોરનું મરણ થાય તો પણ તેની જાણ તેના માલિકે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવા સબંધે આમુખ (૨) માં નિદીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેથી આ બાબતે શહેરા વિસ્તારના પશુમાલિકો/પશુપાલકો તેમની અંદાજીત પણે પશુઓની સંખ્યા પશુમાલિક/પશુઓની નોંધણી REID ચીપ અને ટેગ લગાવ્યાની વિવિધ બાબતોની કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ છે. તેમજ અમદાવાદ શહેર વિસ્તારમાં જાહેર સ્થળો તથા રસ્તા પર ઘાસચારાનું વેચાણ કરવા અને જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો પર આમુખ (૧) માં નિર્દીષ્ટ કરેલ હુકમથી જાહેરનામું પ્રસિદ્ધ કરી પ્રતિબંધ ફરમાવવામાં આવેલ છે.

રખડતા પશુ દ્વારા વાહન ચાલકો, બાળકો, વૃદ્ધોને શિંગડું મારવાથી નુકશાન થવાના બનાવો, ગંદકી, ભયજનક વાતાવરણ ઉભુ કરવા જેવા સમાચારો અવાર-નવાર વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ થતા હોય છે. જાહેર રસ્તા ઉપર પશુઓ છુટા મુકવાના કારણે રસ્તા પર થતો ટ્રાફિક, ન્યુસન્સ, ગંદકી, અકસ્માત, જાનહાનિ તથા ફૂલ-છોડ જેવા પ્લાન્ટેશનને નુકશાન થતુ હોય છે તથા શહેરનાં ગ્રીન પેચ ડેવલપમેન્ટમાં મુશ્કેલી ઉભી થાય છે.

અમદાવાદ શહેર ઝોનના વિવિધ વોર્ડ/વિસ્તારોમાં આવેલી શાળા, મ્યુઝીયમ, કોલેજો, યુનિવર્સિટી, ધાર્મિક સ્થળો, બગીચાઓ, ગાર્ડન, શૈક્ષણિક સંકુલો, હોસ્પીટલો,ઈવેન્ટ્સ બજારો, શાક-માકેટ, હોલ, સભાઓ જેવા સ્થળોએ મોટી સંખ્યાએ મોટી સંખ્યામાં નાગરિકો ભેગા થતા હોય છે થતા હોય છે. તથા નાગરિકોની મોટી સંખ્યમાં અવર-જવર થતી હોય તેવા સ્થળો જેવા કે, સ્ટેશન, હાઈવે, શાળા-કોલેજ, યુનિવર્સીટી, શાક માર્કેટ, બજારો, ગાર્ડન, બ્રીજ, રીંગ રોડ, બ્રિજ રેલ્વે ક્રોસીંગ, અંડરપાસ, ચાર રસ્તા જંકશન, નેશનલ હાઈવે, એકસપ્રેસ વે, એસ.પી.રીંગ રોડ જેવા શહેરમાં વધુ ટ્રાફિક અવર-જવર, ગીચતા ધરાવતા જાહેર સ્થળો, ટ્રાફિકમાં પણ રખડાતા પશુઓની સમસ્યા રહે છે. જે દૂર કરવા આવા વિસ્તારોને નો-કેટલ ઝોન તરીકે જાહેર કરવો જરૂરી છે.

અમદાવાદ શહેર વિસ્તારોના પશ્ચિમ ઝોનના વિવિધ વિસ્તારોમાં આવેલ શાળા, મ્યુઝીયમ, કોલેજો, ગુજરાત યુનિવર્સિટી હોલ, ધાર્મિક સ્થળો, બગીચાઓ, રિવરફ્રન્ટ ગાર્ડન, હેપ્પી સ્ટ્રીટ, સી.જી.રોડ, ઈવેન્ટ ગ્રાઉન્ડ, ફલાવર પાર્ક, ફલાવર-શો, બજારો, શાકમાર્કેટ, હોલ જેવા સ્થળોએ યોજાતા મોટા અનેકવિધ કાર્યક્રમો દરમિયાન મોટી સંખ્યામાં જનમેદની ભેગી થતી હોય છે તથા તે સિવાય દૈનિક ધોરણે આવા સ્થળો/રસ્તા પર નાગરિકોની મોટી સંખ્યામાં અવર-જવર રહેતી હોય છે. તેમજ અમદાવાદ શહેરમાં ભવિષ્યમાં કોમનવેલ્થ ગેમ્સ તથા ઓલમ્પિકની યજમાની કરવાનું હોય અને વારંવાર વી.આઈ.પી. તથા વી.વી.આઈ.પી. ની મુવમેન્ટ રહેતી હોય છે. તદઉપરાંત આ વિસ્તારમાં શહેર બહારના લોકો તથા વિદેશી પ્રવાસીઓ પણ આ સ્થળોની મુલાકાત અર્થે તથા હરવા-ફરવા માટે આવતા હોય છે. તેમજ પશ્ચિમ ઝોનના હદ વિસ્તારમાં સાબરમતી આશ્રમ, મલ્ટી મોડલ હબ, રાણીપ GSRTC બસ સ્ટેન્ડ, RTO કચેરી જેવી ભીડભાડવાળા મોટી સંખ્યામાં નાગરિકોની અવર-જવરવાળા સ્થળો આવેલ છે તથા સમાવિષ્ટ નવા વાડજ વોર્ડમાં આવેલ ભરવાડ વાસ, શિવમ શાકમાર્કેટ, નિર્ણયનગર ગરનાળા તથા નારાયણપુરામાં આવેલ સ્પોર્ટ્સ સંકુલના આસપાસના વિસ્તારમાં રખડતા પશુઓને કારણે ટ્રાફિકની સમસ્યા રહે છે. આ તમામ બાબતો ધ્યાને લઈ પશ્ચિમ ઝોનમાં નીચે જણાવેલ વિસ્તારોને 'કેટલા ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન' તરીકે જાહેર કરવામાં આવે છે.

'કેટલ ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન' તરીકે જાહેર કરેલ વિસ્તાર

નવા વાડજ વોર્ડમાં સમાવિષ્ટ ભરવાડાવાસ, શિવમ શાકમાર્કેટ્, નિર્ણયનગર ગરનાળા જુના રાણીપ એરીયા, સરદાર પટેલ સ્ટેડિયમ તથા નારણપુરા વોર્ડમાં આવેલ સ્પોર્ટ્સ સંકુલની આસપાસનો વિસ્તાર.

જેથી ઉપર મુજબ જાહેર કરેલ 'કેટલ ફ્રી એરીયા/ નો-કેટલ ઝોન' માં કોઈપણ પશુપાલક/પાશુમાલિક પોતાનું પશુ જાહેરમાં રખડતું મુકી શકાશે નહી. જો તેમ કરવામાં આવશે તો જે તે પશુના માલિક વિરુદ્ધ જાહેરનામાના ભંગ સબબ કાનુની કાર્યવાહી કરવામાં આવશે. આ અંગે પોલીસ વિભાગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઢોર ત્રાસ અંકુશ વિભાગ (C.N.C.D.) ના સંકુલનમાં રહી આ જાહેરનામાનો ભંગ કરનાર વિરુદ્ધ કાનુની કાર્યવાહી કરવાની રહેશે.

આ સબંધે આ વિસ્તારમાં વસવાટ કરતા પશુપાલક/પશુમાલિકોને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સબંધિત વિભાગે તથા સ્થાનિક પોલીસે જરૂરી સમજ કરવાની રહેશે.

જાહેરનામાની અમલવારીની વિગત

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની જોગવાઈ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૯/૧૧/૨૦૨૫ ના રાત્રી કલાક ૦૦.૦૦ થી બીજો હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતાં સંયુકત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જોથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રી/ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૮/૧૧/૨૦૨૫ એ મેં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

જી.એસ.મલિક
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

હંગામી જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ ૩૩ (૧) બી મુજબનું.

ક્રમાંક : ટ્રાફિક/PM કાર્યક્રમ/ભારે વાહન/પ્રતિબંધ/૩૧૧૯/૨૦૨૫.–સુરત શહેર ખાતે આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી નાઓના પ્રવાસ કાર્યક્રમ અંતર્ગત સુરત એરપોર્ટથી અત્રોલી બુલેટ સ્ટેશન ખાતે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે. સદર કાર્યક્રમમાં ગુજરાત રાજયનાં માનનીય મુખ્યમંત્રીથી ભુપેન્દ્રભાઈ પટેલ તથા કેન્દ્ર / રાજય કક્ષાના પદાધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવશ્રીઓ હાજર રહેનાર છે. માન. વડાપ્રધાનશ્રીનાઓના ઉપરોકત કાર્યક્રમ અનુસંધાને ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે હેતુસર સુરત એરપોર્ટથી બુલેટ ટ્રેન રેલ્વે સ્ટેશન અંત્રોલી સુધીના રુટ ઉપર તા.૧૫/૧૧/૨૦૨૫ નાં રોજ ક.૦૬/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ પ્રકારનાં ભારે વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિદ્ધ કરવા જનહિતાર્થે ખુબ જ જરુરી જણાય છે.

<u>પ્રતિબંધિત વિસ્તાર અને કૃત્ય</u>

(૧) હજીરા થઈને ભાટીયા ચેકપોસ્ટથી પલાસણા થઈ ને.હા. નં-૦૮ તરફ જતા વાહનો તેમજ ને.હા. નં-૦૮ થી પલસાણા ભાટીયા ટોલટેક્ષ થઈ હજીરા તરફ જતા ભારે વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા પર તા.૧૫/૧૧/૨૦૨૫ રોજ ક.૦૬/૦૦થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિબંધ રહેશે.

<u>વૈકલ્પિક રુટ</u>

(૧) સુરત શહેર બહારથી આવતા અને હજીરા તરફ જતાં ભારે વાહનો-પલસાણા, કડોદરા, કામરેજ, કીમ ચોકડીથી ડાબે ટર્ન લઈ સાયણ, વેલંજા, સાયણ ચેક પોસ્ટ, O.N.G.C. ચાર રસ્તાથી હજીરા તરફથી જઈ શકશે.

(૨) પલાસણા/સચીન તરફથી આવતા ભારે વાહનો સચીન સાતવલ્લા બ્રીજ નીચે સચીન GIDC ગેટ સામે ચાર રસ્તાથી જમણે ટર્ન લઈ આશીષ હોટલ, ઉન, ભેસ્તાન, દક્ષેશ્વર ત્રણ રસ્તા, ઉધના દરવાજાથી ડાબે ટર્ન લઈ રીંગ રોડ, અઠવાગેટ, ગુજરાત ગેસ સર્કલથી ડાબે ટર્ન લઈ પાલ પાટીયા, O.N.G.C. ચાર રસ્તાથી હજીરા તરફ અવર જવર કરી શકાશે.

(૩) હજીરા તરફથી સુરત શહેર બહાર જતાં ભારે વાહનો પરત O.N.G.C.ચાર રસ્તા બ્રીજ નીચેથી ડાબે ટર્ન લઈ સાયણ ચેક પોસ્ટ, વેલંજા, સાયણ, કીમ ચોકડીથી પલાસણા તરફ જઈ શકાશે.

અપવાદ

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાના વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ, SMC ના વાહનો અને સરકારી તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ સવારે કલાક-૦૬/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યા સુધી અમલમાં રહેશે

આજ રોજ તા.૧૩મી/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

હંગામી જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ની કલમ ૩૩ (૧) બી મુજબનું.

ક્રમાંક : ટ્રાફિક/માન.વડાપ્રધાન બંદોબસ્ત/જાહેરનામું/૩૧૨૦/૨૦૨૫.- સુરત શહેર ખાતે આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાઓ સુરત શહેર એરપોર્ટથી અંત્રોલી બુલેટ ટ્રેન સ્ટેશન ખાતે કાર્યક્રમમાં કેન્દ્ર/ રાજય કક્ષાના પદાધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવશ્રીઓ તથા અન્ય મહાનુભાવશ્રીઓ હાજર રહેનાર છે. માનનીય વડાપ્રધાનશ્રીનાઓના ઉપરોકત કાર્યક્રમ અનુસંધાને ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે હેતુસર સુરત શહેર વિસ્તારનાં નીચે જણાવેલ મુજબનાં રૂટ ઉપર તા.૧૫/૧૧/૨૦૨૫ નાં રોજ ક.૦૫/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી નીચે જણાવેલ મુજબનાં વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિદ્ધ કરવા જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧)(બી) થી મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ નીચે મુજબની તારીખ, સમય તથા જગ્યાએ ઉપર નીચે જણાવ્યા મુજબનાં વાહનોની અવર-જવર કરવા તથા પાર્ક કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

પ્રતિબંધિત કૃત્ય અને વિસ્તાર

તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ ક.૦૫/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ થાય ત્યાં સુધી

અ.નં.	પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૦૧	સુરત કડોદરા રોડ આઉટર રીંગરોડ થી અંત્રોલી કડોદરા તરફ જતો રસ્તો તમામ વાહનોના જઈ શકાશે નહી કે પાર્કીંગ કરી શકાશે નહી.	કડોદરા તથા કામરેજ તરફ જવા સારૂ આઉટર રીંગરોડથી ડાબે ટર્ન લઈ એન્થમ સર્કલ થી જમણે ટર્ન લઈ પુણા કેનાલ રોડ થી જે તે વિસ્તારમાં જઈ શકાશે.
૦૨	એન્થેમ સર્કલ રીંગરોડ થઈ કડોદરા હાઈવે તરફ આવતા વાહનો રીંગરોડ પુર્ણ થાય ત્યાં સુધી આવી શકાશે અંત્રોલી તથા કડોદરા જઈ શકાશે નહી.	કડોદરા તથા કામરેજ જવા માટે નહેરવાળા રોડ થઈ જઈ શકાશે.
૦૩	સાઈ પોઈન્ટથી ગોડાદરા તરફ ભારે વાહનો જઈ શકાશે નહી.	સાઈ પોઈન્ટથી ખરવાસા અને ભેદવાડ ખાડી તરફ ડાયવર્ટ કરવા
૦૪	દેવાત ચોકીથી ભારત કેન્સર તરફ ભારે વાહનો જઈ શકાશે નહી.	કડોદરા અથવા મહારાણા પ્રતાપથી સાંઈ પોઈન્ટ ડિંડોલી તરફ ડાયવર્ટ કરવા
૦૫	મહારાણા પ્રતાપ થી કાંગારૂ સર્કલ તરફ ભારે વાહનો જઈ શકશે નહી.	સાઈ પોઈન્ટ ડિંડોલી તરફ ડાયવર્ટ કરવા
૦૬	કબૂતર સર્કલથી પર્વત પાટીયા કે આઈ માતા તરફ ભારે વાહનો જઈ શકાશે નહી.	રોકડીયાથી સચિન બાજુ ડાયવર્ટ કરવા

૦૭	(૧) ગેલ કોલોની ચાર રસ્તાથી, (૨) આગમ શોપીંગ વર્લ્ડ કેનાલ ચાર રસ્તાથી, (૩) ભીમરાડ ચેક પોસ્ટથી ભારે વાહનો હજારા-પલસાણા હાઈવે તરફ જઈ શકશે નહિ.	(૧) હજારા તરફ જવા માટે ઉધના-મગદલ્લા રોડ થઈ, રોકડીયા ચાર રસ્તા-ઉધના દરવાજા-જુના RTO ત્રણ રસ્તા, અઠવાગેટ સર્કલ ઓવરબ્રીજ થઈ ગુજરાત ગેસ સર્કલથી ડાબે ટર્ન લઈ પાલ પાટીયાથી O.N.G.C.ચાર રસ્તાથી હજારા તરફ જઈ શકશે. (૨) પલાસાણા તરફ જવા માટે ઉધના-મગદલ્લા રોડથી રોકડીયા ચાર રસ્તાથી ઉધના દરવાજાથી અઠવાગેટ, ગુજરાત ગેસ સર્કલથી ડાબે ટર્ન લઈ પાલ પાટીયા, O.N.G.C.ચાર રસ્તા બ્રીજ નીચેથી ડાબે ટર્ન લઈ સાયણ ચેક પોસ્ટ, વેલંજા, સાયણ, કીમ ચોકડીથી પલાસણા તરફ જઈ શકશે.
૦૮	(૧) સ્વાગત કલિસ્ટા પાસેના (દુંડી ગામ તરફ જતા) ત્રણ રસ્તા (ન્યુ અલથાણ રોડ), (૨)જીયાવ -બુડીયા સર્કલ (જી.ઈ.બી.સર્કલ), (૩)પ્લેટિનમ પ્લાઝા પાસેના ત્રણ રસ્તા (ઉધના-નવસારી રોડ) થી ભારે વાહન હજારા-પલસાણા હાઈવે તરફ જઈ શકશે નહી.	(૧) હજારા તરફ જવા માટે તિરૂપતિ સર્કલ ભેસ્તાન-ઉધના દરવાજા-જુના RTO ત્રણ રસ્તા- અઠવાગેટ સર્કલ ઓવરબ્રીજ થઈ ગુજરાત ગેસ સર્કલથી ડાબે ટર્ન લઈ પાલ RTO થી હજારા જઈ શકશે. (૨) પલાસાણા ને.હા.નં.-૪૮ તરફ જવા માટે તિરૂપતિ સર્કલ -ભેસ્તાન ગામ ચાર રસ્તા ભેસ્તાન ગામ ત્રણ રસ્તા-ડિંડોલી કેનાલ રોડ-દેલાડવા ગામ થઈ- કરાળા ગામ (ને.હા. નં.-૪૮) જઈ શકશે.
૦૯	(૧) પ્રાઈમ શોપર્સ ચાર રસ્તા, (૨) વેસુ ચાર રસ્તા, (૩) સોમેશ્વર સર્કલ, (૪) બ્રેડ લાઈનર સર્કલ, (૫) અઠવાગેટ સર્કલથી ભારે વાહનો અઠવા-ડુમ્મ્સ રોડ તરફ જઈ શકશે નહી.	(૧) હજારા તરફ જવા માટે તિરૂપતિ સર્કલ ભેસ્તાન-ઉધના દરવાજા-જુના RTO ત્રણ રસ્તા- અઠવાગેટ સર્કલ ઓવરબ્રીજ થઈ ગુજરાત ગેસ સર્કલથી ડાબે ટર્ન લઈ પાલ RTO થી હજારા જઈ શકશે. (૨)પલાસાણા ને.હા.નં.-૪૮ તરફ જવા માટે તિરૂપતિ સર્કલ -ભેસ્તાન ગામ ચાર રસ્તા ભેસ્તાન ગામ ત્રણ રસ્તા-ડિંડોલી કેનાલ રોડ-દેલાડવા ગામ થઈ- કરાળા ગામ (ને.હા. નં.-૪૮) જઈ શકશે.
૧૦	(૧) કપલેથા ચેક પોસ્ટ (૨) દુરદર્શન ટાવર ચાર રસ્તા (સચીન) થી ભારે વાહનો હજીરા-પલસાણા હાઈવે તરફ જઈ શકશે નહી.	(૧) હજારા તરફ જવા માટે મરોલી (નવસારી) ચાર રસ્તાથી ને. હા.નં.-૪૮ થી પલાસાણા, કડોદરા, કામરેજ, કીમ ચોકડીથી ડાબે ટર્ન લઈ સાયણ,વેલંજા, સાયણ ચેક પોસ્ટ, O.N.G.C.ચાર રસ્તાથી હજારા તરફ જઈ શકશે. (૨) પલાસાણા તરફ જવા માટે મરોલી(નવસારી) ચાર રસ્તાથી ને. હા. નં.-૪૮ થી પલાસાણા, કડોદરા, કામરેજ, કીમ ચોકડીથી ડાબે ટર્ન લઈ સાયણ, વેલંજા, સાયણ ચેક પોસ્ટ, O.N.G.C. ચાર રસ્તા બ્રીજ નીચેથી ડાબે ટર્ન લઈ સાયણ, ચેક પોસ્ટ, વેલંજા, સાયણ, કીમ ચોકડીથી પલસાણા તરફ જઈ શકશે.
૧૧	હજારા તરફથી આવતા ભારે વાહનો O.N.G.C. ચાર રસ્તાથી એસ.કે.નગર તરફ જઈ શકશે નહી.	પલાસાણા તરફ જવા માટે સાયણ રોડ થઈ, વેદાંત સર્કલ (આઉટર રીંગ રોડ) થી ડાબે ટર્ન લઈ અંજની ફાટક થઈ અંજની નહેર ચાર રસ્તા થઈ રંગોલી ચાર રસ્તા થઈ રાજ હોટેલ ત્રણ રસ્તાથી ડાબે ટર્ન લઈ ને.હા.નં.-૪૮ થી યુ-ટર્ન લઈ પલસાણા તરફ જઈ શકશે.
૧૨	ડુમ્મ્સ તરફથી આવતા ભારે વાહનો એસ.કે.નગર ચાર રસ્તા થઈ પલાસણા/ ONGC હજારા તરફ જઈ શકશે નહી.	(૧) ડુમ્મ્સ તરફથી આવતા ભારે વાહનો ONGC હજારા તરફ જવા માટે કુવાડા ત્રણ રસ્તાથી ડાબે ટર્ન લઈ ડુમ્મ્સ ગામ રોડ થઈ મહેક ફાર્મ પાસેનાં ચાર રસ્તાથી જમણે ટર્ન લઈ ગોલ્ફ સાઈડ રોડ થઈ એસ.કે.નગર ઓવર-બ્રિજ ઉતરતા (મગદલ્લા-પાતી બ્રિજનાં છેડે) ત્રણ રસ્તાથી ડાબે ટર્ન લઈ ONGC હજારા તરફ જઈ શકશે. (૨) ડુમ્મ્સ તરફથી આવતા ભારે વાહનો પલસાણા તરફ જવા માટે હજારા સાયણ રોડ થઈ, વેદાંત સર્કલ (આઉટર રીંગ રોડ) થી ડાબે ટર્ન લઈ અંજની ફાટક થઈ અંજની નહેર ચાર રસ્તા થઈ રંગોલી ચાર રસ્તા થઈ રાજ હોટેલ ત્રણ રસ્તાથી ડાબે ટર્ન લઈ ને.હા.નં.-૪૮ થી યુ-ટર્ન લઈ પલસાણા તરફ જઈ શકશે.

૧૩	ભાટપોર, ઈચ્છાપોર GIDC, ONGC હજારા પ્લાન્ટથી પલાસણા તરફ જતા ભારે વાહનો એસ.કે.નગર તરફ જઈ શકાશે નહી.	ભાટપોર, ઈચ્છાપોર GIDC, ONGC હજારા પ્લાન્ટથી આવતા ભારે વાહનો ONGC કંપની ગેટા થી યુ-ટર્ન લઈ ONGC સર્કલથી જમણે ટર્ન લઈ હજારા સાયણ રોડ થઈ, વેદાંત સર્કલ (આઉટર રીંગ રોડ) થી ડાબે ટર્ન લઈ અંજની ફાટક થઈ અંજની નહેર ચાર રસ્તા થઈ રંગોલી ચાર રસ્તા થઈ રાજ હોટલ ત્રણ રસ્તાથી ડાબે ટર્ન લઈને. હા.નં-૪૮ થી યુ-ટર્ન લઈ પલસાણા તરફ જઈ શકાશે.

અપવાદ

ફરજ પરનાં પોલીસ વિભાગના વાહનો, આવશ્યક સેવાનો વાહનો, ફાયર, એમ્બ્યુલન્સ SMC ના વાહનો અને સરકારી તમામ વાહનોને અવર-જવર કરવા માટે પ્રતિબંધનો બાધ લાગશે નહી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાયિક સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ-૧૯૫૧ ની કલમ-૧૩૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૩મી/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમસિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું:-

ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ ના ૨૨ મો) ની કલમ-૪૩ (૧) મુજબનું.

નં.ડીસી/એમએજી/વૌઠા મેળો/એસ.આર.નં.૧૯૬/૨૦૨૫.—આગામી તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૦૬/૧૧/૨૦૨૫ સુધી ધોળકા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વૌઠા ગામે ભરાનાર લોકમેળામાં મોટી સંખ્યામાં માણસો એકત્રિત થવાથી જાહેર સુખાકારી ભયમાં મુકાવાનો અંદેશો જણાય છે.

વાસ્તે હું ભાવિન આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ ના ૨૨માં અધિનિયમ) ની કલમ-૪૩ (૧) થી મને મળેલ અધિકારની રૂઈએ ફરમાવું છું કે, વૌઠા ગામે મેળામાં ભાગ લેનાર દરેક વ્યક્તિને નીચેના નિયમોનું પાલન કરવું.

(૧) કોઈ પણ વ્યક્તિ પીવાના પાણીના સંગ્રહમાં તળાવમાં કે કૂવામાં પોતાનું વાસણ બોળી શકશે નહી. દરેક યાત્રાળુ પીવાનું પાણી મેળામાં રાખવામાં આવેલ પાણી પાનારા પાસેથી મેળવી શકશે.

(૨) સડી ગયેલા ફળો કે ખાદ્ય પદાર્થો તથા અશુધ્ધ પીણા મેળાના વિસ્તારમાં કોઈ વેચી શકશે નહી. ફરજ પર હાજર રહેલ આરોગ્ય નિરીક્ષક ફુડ ઈન્સ્પેકટર આવી વસ્તુઓ જપ્ત કરી શકશે અને પોલીસ અમલદારો નિરીક્ષકને આ અંગે જરૂરી મદદ પૂરી પાડશે.

(૩) ખાસ નક્કી કરવામાં આવેલ જગ્યાઓ સિવાય મેળાના વિસ્તારમાં બીજી જગ્યાએ કોઈ પણ શખ્સ સંડાસ કે પેશાબ કરી શકશે નહી.

(૪) મેળાના વિસ્તારમાં હાજર રહેલા નિરીક્ષક ફુડ ઈન્સ્પેકટર દરેક ચા તથા ઠંડા પીણા અને ખાનપાનની દુકાનો તપાસી શકશે અને સ્વચ્છતા માટે જરૂરી સૂચનાઓ આપશે જે સૂચનાઓનો અમલ કરવા તે શખ્સ બંધાયેલા છે.

(૫) ફરજ પર હાજર રહેલા આરોગ્ય નિરીક્ષક દરેક યાત્રાળુઓને જરૂર પડે તપાસી શકશે અને ચેપી રોગોથી પીડાતા દર્દીને તાત્કાલીક મેળા વિસ્તારમાંથી બહાર ખસેડી શકશે.

ઉપરના કોઈપણ નિયમોનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરવામાં મદદગારી કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૯ મુજબ ત્રણ માસ સુધીની કેદ અથવા રૂ.૨૦૦ સુધીનો દંડ અથવા બન્ને પ્રકારની શિક્ષાને પાત્ર થશે.

સદરહું હુકમ તા.૩૧/૧૦/૨૦૨૫ થી તા.૦૬/૧૧/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

વંચાણે લીધુ:-

૧. પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્યની કચેરીના પો. ઈન્સ. એલ.આઈ.બી., અમદાવાદ ગ્રામ્યના તા.૧૭/૧૦/૨૦૨૫ના પત્ર ક્રમાંક:એલ. આઈ.બી./વૌઠા મેળો/જાહેરનામું/૬૯૬૪/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) મુજબ.

નં.ડીસી/એમએજી/જા.ના./વૌઠા/ટ્રાફીક/એસ.આર.૧૯૭/૨૦૨૫.–આગામી તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૦૬/૧૧/૨૦૨૫ સુધી ધોળકા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા વૌઠા ગામે લોકમેળો ભરાનાર છે. જેમાં અંદાજે છ થી સાત લાખ ભાવીકો મેળામાં આવે છે. જે મેળો રાત દિવસ સતત ચાલુ રહે છે. અને મેળામાં સ્ટોલ લગાડવામાં આવે છે. મેળા દરમ્યાન જી.પી.એકટ કલમ ૩૭(૧) તથા ૩૭(૩) તથા ૪૩(૧) મુજબના સાવચેતીના પગલા રુપે અને કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફિક નિયમન જળવાઇ રહે તે હેતુથી નીચેની વિગતે રસ્તાઓ ઉપર વાહનની અવર-જવર ઉપર નિયંત્રણ મુકવા જરૂરી છે.

તેમજ ખેડા જીલ્લાના પાલ્લા ગામથી વૌઠા તરફ નવો બ્રીજ બનાવવામાં આવેલ છે જે બ્રીજ ઉપરથી મેળામા આવનાર માણસો વાહનો લઇ પાલ્લા (ખેડા) તરફથી વૌઠા ખાતે આવે છે. જેથી વૌઠા ગામમાં પાર્કિંગની વ્યવસ્થા ન હોય મોટી અવ્યવસ્થા ઉભી થાય છે. અને જેના કારણે માણસોની અવર જવરમા ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે.

વાસ્તે, હું ભાવિન આર. સાગર, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદ જીલ્લો, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) અન્વયે મને મળેલી સત્તાની રૂઇએ નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

પાલ્લા થી વૌઠા તરફ આવતા મોટા વાહનો, ભારે વાહનો સહજ પાટીયાથી વૌઠા તથા વિરપુર થઇ પાલ્લા બ્રીજ થઇ લીંબાસી તારાપુર તરફ જવાના રસ્તા ઉપર ભારે વાહનોની અવર જવર તા.૦૧/૧૧/૨૦૨૫ના સવાર કલાક ૦૮:૦૦થી તા.૦૬/૧૧/૨૦૨૫ના સવાર કલાક ૦૮:૦૦ સુધી પ્રતિબંધ ફરમાવી પાલ્લા થી વૌઠા તરફ જતા ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ની કલમ-૧૩૧ મુજબ અને ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

સદરહું હુકમ તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૦૬/૧૧/૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

આજ તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

ભાવિન આર. સાગર
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અમદાવાદ.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું :-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.*મ.) વિભાગ નવસારીના પત્ર ક્રમાંક : જા.નં પંપેવિ/બાંધકામ/વશી/૩૪૯૦/૨૦૨૫.

(૨) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં.એલ.આઈ.બી./જાહેરનામુ/અભિપ્રાય/૧૬૬૮/૨૦૨૫ તા.૧૨/૦૬/૨૦૨૫

(૩) સબડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વાંસદાના કચેરીના પત્ર નં. ઈ-સરકાર Letter No: POVNSD/0025/07/2025 તા.૧૧/૦૭/૨૦૨૫

(૪) અત્રેના જાહેરનામા ક્રમાંક :-નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના./વશી.૬૦૬૨થી૬૦૯૧/૨૦૨૫ તા.૧૧/૦૭/૨૦૨૫

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.*મ.) વિભાગ નવસારીના પત્ર ક્રમાંક : જા.ન/બાંધકામ/પીબી/૬૦૪૮/૨૦૨૫ તા.૦૪/૦૯/૨૦૨૫

(૬) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩

જાહેરનામુ

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના./વશી.૯૩૦૭ થી ૯૩૪૬/૨૦૨૫. આમુખ-(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.*મ.) વિભાગ નવસારીએ વાંસદા તાલુકાના પેટા વિભાગીય કચેરી, વાંસદા હસ્તકના ખાંભલા બિલમોડા રોડ ૧/૬૦ થી ૧/૮૦ ઉપર કાવેરી નદી પર આવેલ હયાત ડુબાઉ ચેકડેમ કોઝ-વેની જગ્યાએ હાઈ લેવલ મેજર બ્રીજ બનાવવાનું કામ બજેટ ઉચ્ચક જોગવાય યોજના હેઠળ કરારનામા નં-બી-૧/૧૭ સને ૨૦૨૪-૨૫

થી મંજૂર થયેલ છે. સદર કામ ની સમય મર્યાદા તા.૦૧/૧૦/૨૦૨૪ થી શરૂ કરી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીની છે. તેમજ કાવેરી નદી પરનો હયાત ચેકડેમ કોઝ-વે નબળો છે. જેથી ચોમાસાઅની ત્રાહ્તુ દરમિયાન ભારે વરસદના કારણે વખતો વખત ડૂબી જવાની શકયતા હોય ચોમાસા દરમિયાન કોઈ આકસિમક બનાવ ના બને તે હેતુથી ચોમાસા દરમ્યાન ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામથી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનોને ખાંભલા થી ઉગા (જી.ડાંગ) થી વાનરચોંડ (જી.ડાંગ) થી ડોકપાતાળ (જી.ડાંગ) થી જામલાપાડા (જી.ડાંગ) થી બારખાંધ્યા (જી.ડાંગ) થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજય) થી SH-22 રોડ (મહારાષ્ટ્ર રાજય) થઈ બિલમોડા ગામે આશરે કુલ ૧૫.૫૦ કિમી જેટલું અંતર કાપી જવા વૈકલ્પિક માર્ગ ઉપર રસ્તાને ડાયવર્ઝન આપવા જરૂરી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે આમુખ (૨) થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા ડાયવર્ઝન જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રાય આપેલ અને આમુખ (૩)થી સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, વાંસદા ધ્વારા ઉપરોકત જાહેરનામુ બહાર પાડવા અત્રે હકારાત્મક અભિપ્રાય અત્રે મોકલી આપેલ જેના અનુસંધાને અત્રેથી ઉકત આમુખ (૪) થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ. હાલ કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત (મા.*મ.) વિભાગ નવસારી દ્વારા આમુખ (૫) થી સદરહુ જાહેરનામાની મુદત વધારી આપવા માટે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું યોગરાજ સિંહ બી.ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ થી મને મળેલ સતાની રૂએ ભારે વાહનો માટે ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામથી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપરથી જતા ભારે વાહનો માટે નવસારી જિલ્લાની હદમાં સમાવેશ તથા વિસ્તાર સુધી તા-૧૪/૧૧/૨૦૨૫ થી ૧૨/૦૧/૨૦૨૬ સુધી બંધ કરી. વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ પ્રતિબંધના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ વૈકલ્પિક માર્ગ ઉપર વાહનોની અવર જવર ડાયવર્ટ્ કરવા હુકમ ફરમાવવુ છું.

વૈકલ્પિક માર્ગ વિગત

ક્રમ	રૂટ	વૈકલ્પિક રૂટ
૧	ખાંભલા ગામથી બિલમોડા ગામ તરફ અને બિલમોડા ગામથી ખાંભલા ગામ તરફ ચેકડેમ કમ કોઝ-વે ઉપર	વાહનો ખાંભલા થી ઉગા (જી.ડાંગ) થી વાનરચોંડ (જી.ડાંગ) થી ડોકપાતાળ (જી.ડાંગ) થી જામલાપાડા (જી.ડાંગ) થી બારખાંધ્યા (જી.ડાંગ) થી હડકાઈચોંઢ (મહારાષ્ટ્ર રાજય) થી SH-22 રોડ (મહારાષ્ટ્ર રાજય) થઈ બિલમોડા જતાં માર્ગો પૈકી નવસારી જિલ્લાની હદ વિસ્તારમાં આવતાં માર્ગોના અંતર સુધી.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ.૦૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

વંચાણે લીધું :-

(૧) કાર્યપાલક ઈજનેરશ્રી, રા.ધો.વિ. ભરૂચના પત્ર નં.રા.ધો.વિ. /પીબી/૯૪૭/૨૦૨૫, તા.૧૫/૦૭/૨૦૨૫.

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારીના પત્ર નં.એમએજી/જાહેરનામું/વશી.૨૫૦૫/૨૦૨૫, તા.૧૬/૦૭/૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલઆઈબી/જાહેરનામુ/અભિપ્રાય/૨૩૦૪/૨૫, તા.૧૭/૭/૨૦૨૫

(૪) અત્રેના જાહેરનામા ક્રમાંક :-નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના./વશી.૭૮૧૧-૭૮૫૦/૨૦૨૫, તા.૧૫/૦૯/૨૦૨૫

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી રા.ધો.વિ. ભરૂચના પત્ર નં.રા.ધો.વિ. /પીબી/૧૫૫૫/૨૦૨૫, તા.૦૬/૧૧/૨૦૨૫

(૬) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩

જાહેરનામુ

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના./વશી.૯૩૪૭ થી ૯૩૮૬/૨૦૨૫. આમુખ-(૧) કાર્યપાલક ઈજનેરશ્રી નવસારી જિલ્લામાં આવેલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ.મી.૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) જે વર્ષ ૧૯૭૮ માં બનાવવામાં આવેલ હતો. આ બ્રિજ બન્યાને ૪૭ વર્ષ પૂર્ણ થયેલ હોય અને તાજેતરમા વડોદરા જિલ્લામાં ગંભીરા બ્રિજ પર થયેલ હોનારતને ધ્યાને લેતા સદર બ્રીજનું ઈન્સ્પેકશન ડિઝાઈન સર્કલ, ગાંધીનગરના અધિકારીશ્રીની હાજરીમાં કરવામાં આવેલ. સદર બ્રીજનું ઈન્સ્પેકશન કરતાં ડિઝાઈન સર્કલ, ગાંધીનગર દ્વારા સદર બ્રીજ ''પૂવર'' કન્ડીશનમાં માલૂમ જણાતા સદર બ્રીજ ભારે વાહનોની અવર જવર માટે બંધ કરવો હિતાવહ છે તેમ જણાવેલ. જેથી સલામતીના ભાગ રૂપે સદર બ્રીજ ભારે વાહનો, એસ.ટી બસ તેમજ અન્ય તમામ હેવી મોટર વ્હીકલની અવર જવર પર પ્રતિબંધ મૂકી

ફકત લાઈટ મોટર વ્હીકલ અને લાઈટ ઈમરજન્સી વ્હીકલ જેવા હળવા વજનના વાહનોની અવર-જવર ચાલુ રાખી તેમજ ઉપરોકત રોડ સેકશન બંધ થવાથી વાહનોની અવર-જવર માટે નીચે મુજબ ડાયવર્ઝન રૂટ અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

(૧) સુરત તથા સચિન (SH-6) થી નવસારી તરફ આવતા ભારે વાહનો

- મરોલી-વેસ્મા રોડ (SH-195) થી નેશનલ હાઈવે-૪૮ થી નવસારી તરફ પસાર થઈ શકાશે.
- કસ્બાપાર-આમરી-ધોળાપીપળા રોડ (ODR) થી નેશનલ હાઈવે-૪૮ થી નવસારી તરફ પસાર થઈ શકાશે.

(૨) નવસારીથી સુરત તથા સચિન (SH-6) તરફ જતાં ભારે વાહનો

- નવસારીથી નેશનલ હાઈવે-૪૮ થી મરોલી-વેસ્મા રોડ (SH-195) થી સુરત તથા સચિન તરફ પસાર થઈ શકાશે.
- નવસારીથી નેશનલ હાઈવે-૪૮ થી કસ્બાપર-આમરી-ધોળાપીપળા રોડ (ODR) થી સુરત તથા સચિન તરફ પસાર થઈ શકાશે.

ઉકત દરખાસ્ત અન્વયે આમુખ (૨) થી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી નવસારી તેમજ આમુખ(૩) થી પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા ઉપરોકત જાહેરનામુ બહાર પાડવા અન્વયે હકારાત્મક અભિપ્રાય આપેલ જેના અનુસંધાને અત્રેથી ઉકત આમુખ(૪) થી જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ. હાલ કા.ઈ.શ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ ભરૂચ દ્વારા આમુખ(૫) થી સદરહુ જાહેરનામાની મુદત વધારી આપવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે હું યોગરાજ સિંહ બી.ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) મુજબ મને મળેલ સતાની રૂએ, રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૬૪ (કસ્બાપર-વિરાવળ-નવસારી રોડ) પર આવેલ પૂર્ણા નદી બ્રિજ (ચેઈનેજ કિ.મી.૩૬૩/૦૦ થી ૩૬૩/૪૦૦) ઉપર ભારે કોમર્શિયલ વાહનોના અવર જવર પર પ્રતિબંધ ફરમાવવુ છું તથા નીચે મુજબનાં રસ્તા પર ડાયવર્ઝન આપવા આથી હુકમ કરૂ છું.

વૈકલ્પિક માર્ગ

અ.નં	ભારે વાહનો માટે પ્રતિબંધિત રૂટ	ડાયવર્ઝન રૂટ
૧	સુરત તથા સચિન (SH-6) થી નવસારી તરફ આવતા ભારે વાહનો (પુર્ણા નદી બ્રિજ ઉત્તર છેડે થી વિરાવળ ગામ તરફના દક્ષિણ છેડા સુધીનો માર્ગ)	સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો કસ્બાપાર ત્રણ રસ્તા-આમરી-ધોળાપીપળા-ને.હા નં-૪૮-ગ્રીડ થઈ નવસારી શહેરમાં પ્રવેશ કરી શકાશે. સુરત-સચીન તરફથી આવતા ભારે વાહનો મરોલી-વેસ્મા રોડ ને.હા નં-૪૮-ગ્રીડ થઈ શહેરમાં પ્રવેશ કરી શકાશે.
૨	નવસારીથી સુરત તથા સચીન(SH-6) તરફ જતાં ભારે વાહનો (પુર્ણા નદી બ્રિજ વિરાવળ ગામ તરફના દક્ષિણ છેડા થી પુર્ણા નદીના ઉત્તર છેડા સુધીનો માર્ગ)	સુરત-સચીન, તરફ જવા માટે વિવેકાનંદ સર્કલ થી ગ્રીડ-ને.હા નં-૪૮ વેસ્મા થી મરોલી રોડનો ઉપયોગ કરી સુરત તરફ જઈ શકાશે. સુરત-સચીન, તરફ જવા માટે વિવેકાનંદ સર્કલ થી ગ્રીડ-ને.હા નં-૪૮ ધોળાપીપળા થી આમરી-કસ્બાપાર ત્રણ રસ્તા થઈ સુરત તરફ જઈ શકાશે.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ /ઉલ્લઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નવસારી જિલ્લામાં ફરજ બજાબતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારી/કર્મચારીશ્રીઓ તથા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગ હસ્તકના કાર્યપાલક ઈજનેરશ્રી તથા નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીને આ જાહેરનામાના ભંગ/ઉલ્લંઘન બદલ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૫/૧૧/૨૦૨૫ના ક.૦૦/૦૦ થી તા.૧૩/૦૧/૨૦૨૬ના ક.૦૦/૦૦ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ.૦૮/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

વંચાણે લીધા :-

(૧) સંયુકત સચિવશ્રી (કા.વ્ય.), ગૃહ વિભાગ, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : HD/MIS/e-file/8/2025/0778/SB2, તા.૧૭/૦૯/૨૦૨૫

(૨) પોલીસ અધિક્ષકશ્રી, પંચમહાલ ગોધરાના પત્ર ક્રમાંક : એલ.આઈ.બી./જાહેરનામું/૩૩૫૮/૨૦૨૫ તા.૧૦/૧૦/૨૦૨૫

જાહેર હુકમ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ૧૬૩ હેઠળ.

નં.એમએજી/જાહેરનામું/વશી/૨૩૫૬ થી ૨૩૮૮/૨૦૨૫.- વંચાણે લીધેલ અ.નં.(૧) થી નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના આદેશ અનુસાર પતંગ ઉડાવવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન

તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી બ્રેડ, સિન્થેટિક કોટીસ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયલોન બ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધન સામગ્રી'' તરીકે દર્શાવેલ છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

વંચાણે લીધેલ અ.નં.(૨) તા.૧૦/૧૦/૨૦૨૫ ના પત્રથી ગુજરાત રાજયમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઉત્તરાયણ દરમ્યાન ''સ્કાય લેન્ર્ટન'' ઉડાડવવાની પ્રથા શરૂ થયેલ છે. અને લોકો દ્વારા હજારો ''સ્કાય લેન્ર્ટન'' રાત્રી દરમ્યાન ઉડાડવવામાં આવેલ છે. જયારે આ ''સ્કાય લેન્ર્ટન'' પવન અથવા અન્ય કોઈ વસ્તુ સાથે અથડાય છે. ત્યારે તેમાં આગ લાગે છે. અને તે આગ લાગેલ સ્થિતિમાં જમીન ઉપર આવે છે. જેના કારણે જમીન ઉપર કચરો થાય છે. અને ઘણીવાર આગ લાગવાના બનાવો પણ બને છે. તેમજ ચાયનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરીના ઉપયોગથી પશુ-પક્ષી તથા પર્યાવરણને થતા નુકશાનને અટકાવવા માટે પ્રતિબંધ મુકવો જરૂરી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ ના હુકમથી ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન અને ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી, બ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયોલન બ્રેડ દોરી તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ કરેલ દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકેલ છે.

ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન અને ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી, બ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયનોલ બ્રેડ દોરી, કાચ પીવડાવેલી દોરીના વેચાણ, સંગ્રહ તથા તેના ઉપયોગ ઉપર પ્રતિબંધ મુકવા અંગેનો જાહેર હુંકમ બહાર પાડવા તથા તેનો ચુસ્તપણે અમલ થાય તે અંગે જરૂરી તકેદારી રાખવા હવાલાવાળા પત્રથી જણાવેલ છે. જેથી ઉપરોકત પ્રતિબંધ ફરમાવતું ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત મોકલી વિનંતી કરેલ છે.

સબબ, દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન, ઉતરાયણ પર્વ તથા અન્ય તહેવારોની ઉજવણી દરમિયાન લોકો પતંગ ઉડાવવા માટે ચાયનીઝ તુક્કલ (સ્કાય લેન્ટર્ન), કાચ પાયેલી દોરી નાયોલન દોરી, ચાયનીઝ દોરી, ચાયનીઝ માંજા, મેટલીક બ્રેડ (ધાતુ મિશ્રિત દોરા), સિન્થેટીક માઝા, પ્લાસ્ટીક દોરી, સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોન બાયોડીગ્રેબલ હોય તેવી દોરી તથા ઓડીયો મેગ્નેટીક ટેપનો ઉપયોગ કરતા હોય છે. જેમાં નાયલોન દોરી, ચાયનીઝ દોરી, ચાયનીઝ માંજાના ઉપયોગના કારણે જાહેર જનતા પશુ-પક્ષી, જાહેર ખાનગી માલ મિલકતો કે પર્યાવરણને નુકશાન થતું હોય છે અને મેટલીક બ્રેડ (ધાતુ મિશ્રિત દોરા),ઓડીયો મેગ્નેટીક ટેપના ઉપયોગથી આગ, કરંટ લગાવો કે તેવી અન્ય કોઈ દુર્ઘટનાઓ બને છે. આથી આવા પ્રકારનું નુકશાન થતું અટકાવવા માટે તથા જાહેર સલામતીના હેતુસર નાયલોન દોરી, ચાઈનીઝ દોરી, ચાઈનીઝ માજા, પ્લાસ્ટીક દોરી, મેટલીક બ્રેડ (ધાતુ મિશ્રિત દોરા) તથા ઓડીયો મેગ્નેટીક ટેપના ઉપયોગીથી બનતા બનાવો રોકવા માટે પંચમહાલ જિલ્લામાં ચાયનીઝ તુક્કલ (સ્કાય લેન્ટર્ન), કાચ પાયેલી દોરી, નાયલોન દોરી, ચાઈનીઝ દોરી, ચાઈનીઝ માંજા, પ્લાસ્ટીક દોરી, મેટલીક બ્રેડ (ધાતુ મિશ્રિત દોરા) સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી તથા ઓડીયો મેગ્નેટીક ટેપ ખરીદવા, ઉત્પાદન કરવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજામાં રાખવા, સંગ્રહ કરવા ઉપર પ્રતિબંધ મુકવાનુ જરૂરી છે.

જેથી હું, જે.જે.પટેલ, (GAS), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ પંચમહાલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામાં બહાર પાડવા મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરું છું કે, પંચમહાલ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિતએ દિવાળીના તહેવાર દરમિયાન ચાયનીઝ તુક્કલ/લેન્ટર્ન, ઉતરાયણ પર્વ તથા અન્ય તહેવારોની ઉજવણી દરમિયાન પતંગ ચગાવવા માટે નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોન-બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ચાઈજીઝ માઝા, કાચ પાયેલી દોરી, નાયલોન દોરી, ચાઈનીઝ દોરી, ચાઈનીઝ માંજા, પ્લાસ્ટીક દોરી, મેટલીક બ્રેડ (ધાતુ મિશ્રિત દોરા), હોય તેવી દોરી તથા ઓડીયો મેગ્નેટીક ટેપ ખરીદવા, ઉત્પાદન કરવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજામાં રાખવા, સંગ્રહ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

અમલવારીનો વિસ્તાર

પંચમહાલ જિલ્લાના હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

અમલવારીનો સમય

સદરહું જાહેરનામુ થયા તારીખથી તા.૧૦/૧૨/૨૦૨૫ (બંને દિવસો સહિત) સુધી અમલમાં રહેશે.

સજા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ સુરક્ષાધારો (Environment (Protection) Act, 1986), પ્રાણી પર ક્રુરતા નિવારણ ધારો (Prevention of cruelty to Animal Act, 1960), વન્યજીવન સંરક્ષણ ધારો (Wlldllfe (protection) Act, 1972) મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

આ હુકમ અન્વયે પંચમહાલ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેકટર તથા પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓ તથા મારા તાબાના એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩

ની કલમ-૨૨૩, પર્યાવરણ સુરક્ષાધારો (Environment (Protection) Act, 1986), પ્રાણી પર ક્રુરતા નિવારણ ધારો (Prevention of cruelty to Animal Act, 1960), વન્યજીવન સંરક્ષણ ધારો (Wlldllfe (protection) Act, 1972) હેઠળ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનો અમલ કરાવવા માટે હુકમનો ભંગ કરનાર વ્યકિતઓને ચોક્કસ પ્રકારના કાર્યો નહી કરવા માટે ક્ષેત્રીય કામગીરી દરમિયાન પોતાને મળેલ સત્તાની રૂએ જરૂરી આદેશ કરવામાં આવતા હોય છે જેથી ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ પર્યાવરણ સુરક્ષાધારો (Environment (Protection) Act, 1986), પ્રાણી પર ક્રુરતા નિવારણ ધારો (Prevention of cruelty to Animal Act, 1960), વન્યજીવન સંરક્ષણ ધારો (Wlldllfe (protection) Act, 1972) મુજબની ફરીયાદ લેતી વખતે મારા હુકમનો ભંગ થયેલ છે અને સાથોસાથ અધિકૃત અમલદારે પોતાની ફરીયાદમાં ખાસ ઉલ્લેખ કરવો કે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ જાહેર થયેલા પ્રતિબંધાત્મક કાર્યો થતા અટકાવવા માટે પણ હુકમ કરેલો હતો અને આ હુકમનો ભંગ કરવા બદલ ઉક્ત કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૦મી/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

જે.જે.પટેલ, (GAS)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
પંચમહાલ ગોધરા

વંચાણે લીધું:-

(૧) ગુજરાત સરકાર ગૃહ વિભાગની કચેરીના પત્ર નં. HD/MIS/e-file/8/2025/0778/SB2

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧), ૩૭(૧) અન્વયેનું.

નં.ડીસીબી/એમએજી/મકર સંક્રાતિ/જાહેરનામું/વશી.૯૪૭૦ થી ૯૫૦૯ /૨૦૨૫.– આમુખ (૧) થી સંયુકત સચિવશ્રી (કા.વ્ય.) ગૃહ વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક HD/MIS/e-file/8/2025/0778/SB2, થી જણાવેલ છે, નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં.૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩/૦૧/૨૦૧૭ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી, થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તહેવારો દરમિયાન તેની ખાસ અમલવારી બાબતે નીચે મુજબની સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા તેમજ આર્થિક ફાયદા સારુ માનવ તથા પશુ-પક્ષીઓને હાનિ થાય અને જીવનું જોખમ વધે અથવા તો મૃત્યુ થાય દર વર્ષે દિવાળીના તહેવાર દરમિયાન ચાઈનીઝ તુક્કલ/લેન્ટર્ન તથા ઉત્તરાયણ તહેવારની ઉજવણી વખતે વપરાતાં ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવામાં આવતુ હોવાથી આ અંગે શહેરી વિસ્તારમાં પોલીસ કમિશનરશ્રી દ્વારા તથા જિલ્લા વિસ્તારમાં જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા કાયદામાં આપેલ જોગવાઈ મુજબનું પ્રતિબંધિત જાહેરનામું દર વર્ષે પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી કરવા જણાવેલ છે. તેમજ આવું જાહેરનામું દિવાળીના તહેવાર દરમિયાન શરદ પૂર્ણિમાની તારીખથી દેવ-દિવાળીની તારીખ સુધી તથા ઉત્તરાયણના તહેવાર દરમિયાન દરવર્ષે નવેમ્બર માસના પ્રથમ અઠવાડિયાથી જાન્યુઆરી માસની ૧૬ તારીખ સુધી અમલમાં રહે તે રીતે બહાર પાડવા જણાવેલ છે.

સબબ, હું યોગરાજસિંહ બી. ઝાલા (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧), ૩૭ (૧) મુજબ મને મળેલ સત્તાની રૂએ સમગ્ર નવસારી જિલ્લાના હદ વિસ્તારમાં આગામી દિવાળીના તથા ઉત્તરાયણના તહેવાર અન્વયે સ્કાયલેન્ટર્સ/ચાયનીઝ તુક્કલ/ લેન્ર્ટન તથા ચાઈનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી, થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટીક દોરી, નાયોલન થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવેલ છે) નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર તથા નીચે જણાવેલ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો-

(૧) કોઈપણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર માર્ગ રસ્તા/ ફુટપાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર

(૨) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા ઉપર.

(૩) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા ઉપર.

(૪) કપાયેલા પતંગો અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસના બંબુઓ, લાંબી વાંસની પટ્ટીઓ, લોખંડના કે કોઈપણ ધાતુના તારના લંગર બનાવીને આમતેમ શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ ઉપર દોડાદોડી કરવા ઉપર તેમજ ટેલીફોન કે ઈલેકટ્રોનીકના તાર ઉપર લોખંડ કે કોઈપણ ધાતુના તાર, લંગર (દોરી) નાખવા ઉપર તેમજ તારમાં ભરાયેલ પતંગ કે દોરી કાઢવા ઉપર.

(૫) કોઈપણ વ્યકિતઓ ધ્વારા જાહેર માર્ગો ઉપર ઘાસચારાનું વેચાણ કરવા ઉપર તેમજ જાહેર રસ્તા ઉપર ગાયો/પશુઓને ઘાસચારો નાખી ટ્રાફીક અવરોધ ઉભો કરવા ઉપર.

(૬) કોઈપણ પ્રકારના પ્લાસ્ટીક, પાકા સિન્થેટીક મટીરીયલ, ટોસ્ટીક મટીરીયલ, લોખંડ પાઉડર, કાચ તથા અન્ય હાનિકારક પદાર્થને ઉપયોગ કરી તૈયાર કરેલ અને નોન -બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/નાયલોન/ચાઈનીઝ માંઝાના પાકા દોરા તથા પ્લાસ્ટીક ચાઈનીઝ બનાવટના ચાઈનીઝ દોરા તથા આયાતી દોરોના આયત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કરવા ઉપર તેમજ આવા દોરોના ઉપયોગ કરી પતંગો ઉડાડવા ઉપર.

(૭) ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્નના જથ્થાબંધ વેપાર તથા આયાત કરી ખરીદ, વેચાણ, સંગ્રહ અને વપરાશ કે ઉપયોગ કરવા ઉપર/ ઉડાડવા ઉપર.

અમલવારીનો સમયગાળો

આ હુકમ તા.૧૫/૧૧/૨૦૨૫ થી તા.૧૪/૦૧/૨૦૨૬ સુધીના સમયગાળા માટે અમલમાં રહેશે.

શિક્ષા

ઉકત હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ તથા ૧૩૫ની હેઠળ સજાને પાત્ર થશે.

આજ રોજ તા.૧૭મી નવેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી કરી મુદ્રા કરી છે.

વંચાણે લીધું:-

(૧) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ના પત્ર જા.નં.પીબી/૬૩૩/૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫

(૨) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલીના પત્ર નં. એમએજી/ જાહેરનામું /વશી/૧૧૩૮/૨૦૨૫ તા.૧૬/૦૫/૨૦૨૫

(૩) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલઆઈબી/જાહેરનામું/અભિપ્રાય/૧૮૧૦/૨૫, તા.૦૯/૦૬/૨૦૨૫

(૪) અત્રેના જાહેરનામા નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી.૮૦૯૬ થી ૮૧૩૫/૨૫ તા.૧૯/૦૯/૨૫

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ) વિભાગ નવસારી ના પત્ર જા.નં.બાંધકામ/પીબી/૨/વશી/૨૩૯૧/૩૮૧૦/૨૦૨૫ તા.૦૮/૧૧/૨૦૨૫

(૬) ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩

જાહેરનામું

નં.ડીસીબી/એમએજી/માર્ગ/ડાયવર્ટ/જા.ના/વશી/૯૫૧૭ થી ૯૫૫૬/૨૦૨૫.- આમુખ (૧)થી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી ચીખલી (મા.મ.) પેટા વિભાગ ચીખલી ધ્વારા ચે. કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૪/૬૦ (કૌટિલ્ય ફ્યુલ સ્ટેશન) ની વચ્ચે જમણી બાજુ અત્રેના ઈજારદારશ્રી દ્વારા કામગીરી શરૂ થનાર છે. જેના લીધે સદર રસ્તા ઉપર ચે.કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ ટ્રાફીક બંધ કરી અન્ય રસ્તા અથવા સદર ચે.કી.મી. માં રસ્તાની ડાબી બાજુ ટૂ-વે ટ્રાફીક ડાયવર્ટ કરવાનો થાય છે. તેમ જણાવી બધા જ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે.કી.મી. ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા-૦૪/૦૫/૨૦૨૫ થી ૩૦/૦૬/૨૦૨૫ સુધી બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવા અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ. જે અન્વયે આમુખ(૨)થી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ચીખલી ધ્વારા ઉપરોકત જાહેરનામુ બહાર પાડવા અત્રે હકારાત્મક અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે. અને આમુખ(૩) થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારી ધ્વારા ડાયવર્ઝન પ્લાનના ક્રમ નંબર-૧ તથા ૨ માં જણાવેલ વૈકલ્પિક રૂટ ઉપર ડાયવર્ટ કરવા જાહેરનામુ પ્રસિધ્ધ કરવા હકારાત્મક અભિપ્રય આપેલ જેના અનુસંધાને આમુખ (૪) થી તા.૧૮/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૫ સુધી જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવેલ પરતું હાલ કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ) વિભાગ નવસારીના આમુખ (૫) થી જણાવેલ છે કે, સદર રસ્તાના ચે. કી.મી ૧૨/૮ (સાત પીપળા આઈ.ટી.આઈ. તરફ જવાનો રસ્તો) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની ડાબી જમણી બાજુની જરૂરી કામગીરી અત્રેના અરજદારશ્રી દ્વારા અધુરી રહેલ પામેલ છે. જે છે. કી.મી. ૧૫/૦ (પી.એમ.પેવર્સ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે ડાબી બાજુ તા.૧૫/૧૧/૨૦૨૫ સુધીમાં પૂર્ણ થતા તા.૧૫/૧૧/૨૦૨૫ બાદ ચે. કી.મી. ૧૫/૦ થી (પી.એમ.પેવર્સ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે ડાબી બાજુનો રોડ ચીખલી થી વાંસદા જતા વાહનો માટે ખુલ્લો મૂકવામાં આવશે. તેમજ ૧૨/૮ (સાતપીપળા આઈ.ટી.આઈ. તરફ જવાના રસ્તા) થી ૧૫/૦ (પી.એમ.પેવર્સ) ડાબી બાજુની કામગીરી અત્રેના ઈજાદારથી દ્વારા હાલ પ્રગતિમાં છે. જે કામગીરી તા.૧૫/૧૧/૨૦૨૫ બાદ પણ શરૂ રહેનાર છે તેમજ ચે. કી.મી ૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૨/૮ (સાત પીપળા આઈ.ટી.આઈ. તરફ જવાનો રસ્તા) ની વચ્ચે ડાબી બાજુ શરૂ કરવામાં આવનાર હોય જેના લીધે સદર રસ્તા ઉપર ચે.કી.મી.૧૧/૦ (કોલેજ સર્કલ) થી ચે.કી.મી. ૧૫/૦ (પી.એમ.પેવર્સ) ડાબી બાજનો ટ્રાફિક તા.૧૫/૧૧/૨૦૨૫ બાદ બંધ કરવાની જરૂરિયાત હોય, જેને બંધ કરી અન્ય રસ્તા અથવા સદર ચે.કી.મી. માં રસ્તાની જમણી ટૂ-વે ટ્રાફિક ડાયવર્ટ કરવાનો થાય છે. જેથી બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે.કી.મી.૧૨/૮ (સાતપીપળા આઈ.ટી.આઈ. તરફ જવાના રસ્તાનુ જેથી ચે.કી.મી.૧૭/૭ (માણેકપોર ચાર રસ્તા)

ડાબી બાજુ તા.૦૧/૧૧/૨૦૨૫ થી તા.૧૫/૧૧/૨૦૨૫ સુધી અને ચે.કી.મી.૧૧/૦ (કોલેજ સર્કલ) થી ચે.કી.મી.૧૫/૦ (પી.એમ.પેવર્સ) ડાબી બાજુ તા.૧૫/૧૧/૨૦૨૫ થી તા.૩૦/૧૧/૨૦૨૫ સુધી બંધ કરી અગાઉ ડાયવર્ઝન પ્લાનના રૂટમાં જરૂરી સુધારા વશારા કરી બિડાણે સામેલ ડાયવર્ઝન પ્લાન-૧ અને ૨ મુજબ ડાયવર્ટ કરવા જરૂરી મંજુરી અર્થે ઘટતી કાર્યવાહી થવા આપ સાહેબથીને વિનંતી છે. વધુમાં સદર ડાર્યવર્ઝન પ્લાન-૧ અને ૨ અંગે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ચીખલીને જરૂરી ટ્રાફીક પોઈન્ટ મૂકવા અર્થે જાણ થવા વિનંતી છે. તેમ જણાવી જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

સબબ, કાર્યપાલક ઈજનેરશ્રી (મા.મ) વિભાગ નવસારીના આમુખ (૫) ની દરખાસ્ત અન્વયે સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ ચીખલીના આમુખ(૨)થી રજુ થયેલ હકારાત્મક અભિપ્રાય તેમજ આમુખ (૩)ના પોલીસ અધિક્ષકશ્રી નવસારી ધ્વારા જણાવેલ વિગતે જાહેરનામું બહાર પાડવા અંગેના હકારાત્મક અભિપ્રાય ધ્યાને લઈ આમુખ (૪) થી બહાર પાડેલ જાહેરનામાને અવલોકને લેતા, તેમજ કા.ઈ.શ્રી મા.મ.વિભાગ નવસારીની દરખાસ્ત અત્રેની શાખામાં આજરોજ મળેલ હોય કોઈ વાહન અકસ્માત ન સર્જાય તેમજ ટ્રાફિક નિયમન જળવાય તે માટે જાહેર જનતાના હિતમાં સલામતીના પગલા લેવા ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ થી મને મળેલ સત્તાની રૂએ, બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડ ઉપર બધાજ પ્રકારના વાહનોનો ટ્રાફીક સદર રસ્તા પર ચે.કી.મી૧૧/૦ (કોલેજ સર્કલ) થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ) ની વચ્ચે જમણી બાજુ તા-૧૫/૧૧/૨૦૨૫ થી ૩૦/૧૧/૨૦૨૫ સુધી બંધ કરી વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે તેમજ પ્રતિબંધના સમયગાળા દરમ્યાન નીચે જણાવેલ માર્ગ ઉપર વાહનોની અવર જવર ડાયવર્ટ કરવા હુકમ ફરમાવું છું.

વૈકલ્પિક માર્ગની વિગત

ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પીક રૂટ
૧	નાશિક થી વાંસદા થી રાનકુવા થી ચીખલી તરફ	ફકત ભારે વાહનો	(૧) રાનકુવા થી ખુડવેલ થી ગોલવાડ થઈ ચીખલી તરફ જશે. (૨) રાનકુવા થી ટાંકલ થી દેગામ થી આલીપોર થઈ ચીખલી તરફ જશે. (૩) રાનકુવા થી ટાંકલ થી દેગામ થી ખારેલ થઈ ચીખલી તરફ જશે.
૨	બીલીમોરા-ચીખલી-વાંસદા વઘઈ રોડ ચે.કી.મી.૧૧/૦ (કોલેજ-સર્કલ) થી ચે.કી.મી.૧૭/૭ માણેકપોર ચાર રસ્તા) ડાબી તેમજ જમણી બાજુ નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) ચીખલી તેમજ વાંસદા તરફ જવા માટે.	નાનાવાનો (સ્થાનિક રહેવાસીઓ માટે)	બીલીમોરા-ચીખલી-વાંસદાવઘઈ રોડ ચે.કી.મી.૧૧/૦ થી ૧૫/૦ (કોલેજ-સર્કલ) થી ૧૫/૦ (પી.એમ.પેવર્સ) જમણી બાજુનો ટૂ-લેન ટૂ-વે ટ્રાફિક તરીકે ઉપયોગ કરવાનો રહેશે.

આ હુકમનો અનાદર કરનાર કે ભંગ કરનાર વ્યકિતને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ માં ઠરાવ્યા મુજબની શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૫મી નવેમ્બર, ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીની મુદ્રા કરી છે.

વંચાણે લીધું:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલ.આઈ.બી./CCTV કેમેરા/જા.નામું/૩૬૬૧/૨૦૨૫, તા.૧૧/૧૧/૨૦૨૫

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનું

હુકમ

નં.ડીસીબી/એમએજી/CCTV/જા.ના./વશી. ૯૫૬૧ થી ૯૬૦૦ /૨૦૨૫.– આમુખ-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારી દરખાસ્તે ધ્યાને લેતાં, રાષ્ટ્રીય સુરક્ષા અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓ સતત વોચ રાખવા ગુપ્તચર સંસ્થાઓના વખતોવખત અહેવાલો તથા ગુજરાતમાં ભુતકાળમાં બનેલ આતંકવાદી તત્ત્વો દ્વારા અલગ અલગ જગ્યાઓએ શ્રેણી બધ્ધ બોમ્બ ધડાકાઓ કરી મોટી જાનહાની તેમજ મિલકત હાની કરવામાં આવેલ આવી રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરતી ગેંગ રાજ્ય બહારથી આવે છે. ગેરકાયદેસર પ્રવૃત્તિને કારણે નાગરિકોના જીવ જોખમાય છે. મિલ્કતને હાની પહોંચે છે. નાગરિકોમાં અસુરક્ષાની ભાવના ઉભી થાય ચે. અને તંત્ર પ્રત્યે ધીમે ધીમે નાગરિકો વિશ્વાસ ગુમાવે છે. મંદિરોમાંથી આભુષણોની ચોરી, વાહન ચોરીઓ, એન્ટીક મુર્તીઓની ચોરી, ધાડ, લુંટના ગુનાનાં કારણે નાગરિકો અસલામતિ અનુભવે છે. આ પ્રકારના ગુનાઓ આચરતા ગુનેગારોને પકડવામાં મુશ્કેલ બને છે. જેથી પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક જી.૧/કા.વ્ય/ટે.૨/ જાહેરનામું/૮૩૯/૨૦૧૨ના પત્રથી મળેલ સુચના અન્વયે.

હું યોગરાજસિંહ બી. ઝાલા, (જી.એ.એસ.) જિલ્લા મેજીસ્ટ્રેટ, નવસારી જિલ્લો નવસારી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

(૧) નવસારી જિલ્લામાં થતી ધાડ, લુંટ અને ચોરીઓના ગુના અટકાવવા માટે વણશોધાયેલા ગુનાઓ શોધવા માટે જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલ પંપ ઉપર સી.સી.ટી.વી. કેમેરા (નાઈટ વિઝન તથા હાઇ ડેફીનેશન) વીથ રેકોડીગ સીસ્ટમ મુકવામાં આવે તો ગુનેગારો અને ગુનામાં વપરાયેલ વાહનો આઈડેન્ટીફીકેશન થઈ શકે ગુનો ડીટેકટ કરવામાં આ કડી મહત્વની બંને એટલું જ નહી ગુનેગારોની વિરૂધ્ધમાં આ અંગેનો સબળ પુરાવો કોર્ટ સમક્ષ મુકી શકાય જેથી જિલ્લામાં આવેલ તમામ પેટ્રોલપંપ ઉપરના ફીલીંગ સ્ટેશનો ઉપર તથા પેટ્રોલપંપની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે અને ડ્રાઇવર તથા તેની બાજુમાં બેઠેલ વ્યકિતનું રેકોડીગ થઈ શકે તે રીતે ગોઠવવા પેટ્રોલપંપ ઉપર આવતી જતી વ્યકિતઓ તથા વાહનોની ઓળખ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૨) નવસારી જિલ્લામાં આવેલ તમામ હોટલના ભોજનકક્ષ તથા હોટલની બાજુમાં આવેલ દુકાનો ઉપર ગાડીના નંબર દેખાય તે રીતે તથા ભોજનકક્ષમાં બેઠેલી વ્યકિતઓનું રેકોડીગ થઈ શકે તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૩) નવસારી જિલ્લામાં આવેલ તમામ ટોલ પ્લાઝા ઉપર આવતા જતા દરેક વાહનોનાં નંબર આઈડેન્ટીફીકેશન થાય તે રીતે પુરતી સંખ્યામાં કેમેરા ગોઠવવા.

(૪) નવસારી જિલ્લામાં આવેલ તમામ એ.ટી.એમ. સેન્ટરો ઉપર સી.સી.ટી.વી. કેમેરા અને ખાનગી સિકયુરીટી ગાર્ડ (૨૪ કલાક માટે) રાખવાં જેથી વ્યકિત ઓનું આઈડેન્ટીફીકેશન થઇ સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોડીગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોડીગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૫) નવસારી જિલ્લામાં આવેલ તમામ મોલ, પાર્ટી પ્લોટ, સિનેમા ગૃહો, બેન્કો, કલબો, અન્ય વ્યવસાયિક પ્રતિષ્ઠાન, બહુમાળી ઈમારતો વિગેરે જગ્યાઓમાં અંદર બહારના વિસ્તારો પણ આવરી લે તે રીતે નાઈટ વિઝન તથા હાઈ ડેફીડેશન સી.સી.ટી.વી. કેમેરા લગાડવા તથા સી.સી. ટી.વી. કેમેરાનું રેકોડીગ ૩૦ દિવસ સુધી સંગ્રહ કરવાનું અને તે જોવાની જવાબદારી સંચાલક/માલિકની રહેશે.

(૬) સી.સી.ટી.વી. કેમેરા નાઈટ વિઝન તથા હાઇ ડેફીનેશનમાં રાખવા કેમેરા પુરતી સંખ્યામાં રાખવા જેથી વ્યકિત કે વાહન આઈડેન્ટીફીકેશન થઈ સી.સી.ટી.વી. કેમેરા રાત્રી દરમ્યાન રેકોડીગ કરી શકે તેવા કવોલીટીનાં રાખવા ૩૦ દિવસ સુધી રેકોડીગ રહે તે વ્યવસ્થા રાખવી.

(૭) ચીલઝડપ, ચોરી, ધાડ, લુંટ, બોમ્બ બ્લાસ્ટ કરવાના પ્રયત્નો તથા સમાજ વિરોધી તત્ત્વો ખાસ કરીને ભીડ-ભાડવાળા તેમજ લોકોની અવર-જવરવાળા વિસ્તારથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંગદીની ખુવારી ન થાય અને લોકોની માલ-મિલકતને નુકશાાન ન થાય તે માટે જરુરી તકેદારી રાખવા સારૂ નવસારી જિલ્લામાં આવેલ ધાર્મિક સ્થળો કે જયાં કાયદો અને વ્યવસ્થા જોખમાવાની શકયતા હોય, બેંકો, નાણાંકીય સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર જ્વેલર્સની દુકાનો, આંગડીયા પેઢીઓ, સુપર માર્કેટ/શોપીંગ મોલ, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલો, ગેસ્ટ હાઉસો, થિયેટરો, લોજીંગ-બોર્ડીંગો, ધર્મશાળાઓ, અતિથીગૃહો, વિશ્રામગૃહોમાં બહુમાળી બિલ્ડીંગોમાં મોટા ધાર્મિક સ્થળોમાં અંદરના ભાગે સી.સી.ટી.વી. કેમેરા મુકવા સારૂં.

સમયગાળો

આ હુકમ તા.૧૬-૧૧-૨૦૨૫ થી તા.૧૪-૦૧-૨૦૨૬ સુધી સમગ્ર નવસારી જિલ્લામાં અમલમાં રહશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૫મી નવેમ્બર ૨૦૨૫ ના રોજ મારી સહી તથા મુદ્રા કરી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

વંચાણે લીધું:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, નવસારીના પત્ર નં. એલ.આઈ.બી/ભાડુઆત/ જાહેરનામું/૩૬૬૦/૨૦૨૫, તા.૧૧/૧૧/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) જાહેરનામું

નં.ડીસીબી/એમએજી/ભાડુઆત/વશી.-૯૬૦૧ થી ૯૬૪૦/૨૦૨૫.– આમુખ-૧ થી પોલીસ અધિક્ષકશ્રી, નવસારી દરખાસ્તે ધ્યાને લેતાં, બહારના રાજયોમાંથી તથા ગુજરાતના અન્ય વિસ્તારમાંથી આ આદેશ બહારથી આવતાં ત્રાસવાદી/અસામાજીક તત્વો કોઈના, ધંધાના એકમો, ઓફીસો ભાડે રાખીને રહેતા હોય છે અને આ વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતાં હોય તેમા ભાડેથી મકાન, ધંધાના એકમો, ઓફિસો વિગેરેના સંચાલકો/માલિકો ઉપર નિયંત્રણો મુકવા સારૂં તેઓના ભાડુઆતોનાં મુળ રહેઠાણ/ હાલના રહેઠાણ અને અત્રે શું કામ ધંધાથી આવેલ છે અને કોની ભલામણથી ભાડુઆત આવેલ છે તે અંગેની ભાડૂઆતોની માહિતી/આઈ. ડી.પ્રુફ/ભાડા કરાર તથા હાલના ફોટોગ્રાફસ સહિતની માહિતી ઉપરાંત તેમનો ગુનાહિત ઈતિહાસ મેળવી સંબધિત પોલીસ સ્ટેશનમાં આપવા અંગેનું જાહેરનામું ઉકત સંદર્ભિત પત્રથી પ્રસિધ્ધ કરવામાં આવેલ જે જાહેરનામાંની મુદત તા.૧૫/૧૧/૨૦૨૫ના રોજ પૂર્ણ થનાર હોય, જાહેરનામું પુન:પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

જિલ્લામાં ભુતકાળમાં તથા તાજેતરમાં લુંટ, ધાડ, ખુન તથા અપહરણ જેવા બનાવો બનેલ, આવા ગુનાઓની વિગતોમાં એવું જોવા મળેલ કે કારખાનામાં, મકાન બાંધકામમાં તથા ફેકટરીઓમાં કામ કરતા પરપ્રાંતીય કારીગરો તથા ગુજરાતના અન્ય વિસ્તારના લોકો ઉપરોક્ત ગંભીર પ્રકારના ગુન્હા પોતે તથા તેના સાગરીતો ધ્વારા આચર્યા બાદ ગુજરાતમાં અથવા અન્ય રાજ્યોમાં, પોતાના વતનમાં ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓવણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં પરપ્રાંતીઓ, ગુજરાતના અન્ય વિસ્તારના લોકો તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી અત્રેના જિલ્લામાં આશરો લેતા હોય છે. તેવી હકીકત જણાઈ આવેલ છે. આવા ઈસમો જિલ્લાની સલામતી અને શાંતિ જોખમાય તેવા કૃત્ય કરતા હોય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલાતમી જાળવવા સારૂ. સરકારશ્રીના ગૃહ વિભાગના પત્ર ક્રમાંક : વિ. ૧-કઅવ-૧૦૨૦૦૮-૧૪૪૫૭, તા. ૫/૧૨/૨૦૦૮ ના પત્રથી મળેલ સુચના અન્વયે હું યોગરાજસિંહ બી. ઝાલા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ નવસારી નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) થી મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

૧. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો, વાણિજ્ય એકમો, ઉત્પાદન એકમો, જુદાજુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે શૈક્ષણિક એકમોકે કે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે. તેમને આ જાહેરનામુ લાગુ પડશે. મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે. તેવા કાયમી, હંગામી, રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/મજુરો તથા મકાન માલિકોએ તેમના રાખેલ ભાડુઆતની માહિતી વિગેરેની હકીકત તૈયાર કરી સબંધીત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે તા. ૧૯/૧૧/૨૦૨૫ સુધીમાં આપવાની રહેશે.

૨. સમગ્ર નવસારી જિલ્લામાં આવેલ તમામ કારખાનેદારો, વાણિજ્ય એકમો, જુદા જુદા પ્રકારની સેવાઓ મેળવતા તમામ પ્રકારના એકમો કે રહેણાંક એકમો કે શૈક્ષણિક એકમો કે બાકી રહેતા તમામ પ્રકારના એકમો કે જેઓ બહારના માણસોની સેવાઓ એક યા બીજી રીતે બીજ કાયમી કે કામચલાઉ ધોરણે પ્રાપ્ત કરી પોતાની કામગીરીનું સંચાલન કરે છે મકાન બાંધકામ બિલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો જે હવે પછી કામ ઉપર રાખશે ત્યારે આવા કામ ઉપર રાખનાર કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટરના કર્મચારી/કારીગરો/મજુરોની હકીકત તૈયાર કરી સબંધીત જે તે પોલીસ સ્ટેશન ખાતે દિન-૧૦માં આપવાની રહેશે.

ઉપરોકત મુદ્દા નં. ૧ અને ૨ ની માહીતી નીચે દર્શાવેલ પરિશિષ્ટ- ૧ અને ૨ મુજબની હકીકત તથા અન્ય જરૂરી બાયોડેટાની સીડી/માહીતીનું રજીસ્ટર તૈયાર કરી દિન-૦૫માં જે તે વિસ્તારના પોલીસ સ્ટેશને આપવાનું રહેશે.

પરિશિષ્ટ- ૧

અ. નં.	માલીકનું નામ સરનામું, ટેલીફોન, મોબાઈલ નંબર તથા ધંધાની વિગત	કર્મચારીઓ, કારીગરો, મજુરનું પુરૂ નામ ઓળખચિન્હ તથા સરનામું, ટેલીફોન નંબર તથા બે થી ત્રણ સગા સબંધીઓના નામ-સરનામા	કર્મચારી, કારીગર, મજુરને નોકરીએ રાખ્યાની તારીખ	કર્મચારી, કારીગર, મજુરને કોના રેફરન્સ, પરિચયથી ભલામણથી નોકરીએ રાખેલ છે. તેનું નામ સરનામું ટેલીફોન નંબર	નોકરનો ફોટો
૧	૨	૩	૪	૫	૬

પરિશિષ્ટ- ૨

અ. નં.	મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમના ભાડે આપેલ તેની વિગત કયા વિસ્તારમા કેટલા ચો.મી.બાંધકામ	મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમના માલિક તથા સત્તા ધરાવતા વ્યકિતનું નામ, સરનામું ટેલીફોન નંબર	મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોય તે તારીખ	મકાન/દુકાન/ઓફિસ ઔધોગિક એકમ જે વ્યકિતને ભાડે આપેલ છે તેનું પુરૂ નામ, સરનામું તથા બે સબંધીઓના નામ, સરનામાની વિગતા	મકાન/ દુકાન/ઓફિસ ઔધોગિક એકમના માલિક સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું
૧	૨	૩	૪	૫	૬

જાહેરનામાનો સમયગાળો

આ હુકમ તા.૧૬-૧૧-૨૦૨૫ થી તા.૧૪-૦૧-૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

જે કોઈ સંસ્થા, એસોસીએશન અથવા એજન્સી આ પ્રકારના કર્મચારી/કારીગરો/મજુરોની માહિતી એકત્ર કરવા માંગતા હોય તેમને સબંધીત એકમો તથા કામ કરતા કર્મચારીઓએ પુરતો સાથ સહકાર આપવો. તેમજ પુરેપુરી માહિતી આપવી. જે કોઈ આવી માહિતી આપવા ઈન્કાર કરે, અથવા અધૂરી માહિતી આપવામાં વિલંબ કરે તો પણ આ જાહેરનામા અંતર્ગત ભંગ થયેલો ગણાશે તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ હુકમ અન્વયે નવસારી જિલ્લા વિસ્તારમાં ફરજ બજાવતાં વિભાગીય પોલીસ અધિકારીશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે બી.એન.એસ. કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ એકટ કલમ-૧૧૭ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અપવાદ

સરકારી કચેરીઓ, અર્ધસરકારીઓ, ચૂંટાયેલી સંસ્થાઓને ઉપર મુજબનો હુકમ લાગુ પડશે નહિં.

આજ તારીખ ૧૫/૧૧/૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કચેરીનો માહોર લગાડી હુકમ બહાર પાડયો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩ (૧), ૩૭(૧) અન્વયેનું.

નં.એમએજી/જી.પી.એ/કા.વ્ય./હુકમ/વશી.૯૬૭૦ થી ૯૭૦૯ /૨૦૨૫.– હાલ ગુજરાત રાજયમાં ઠેર ઠેર ગેરકાયદેસર મંડળી રચી ધરણા/ ઉપવાસ પર બિન વાનગીથી બેસવાની ઘટનાઓ વારંવાર બનવા પામેલ છે. નવસારી જિલ્લામા પણ નાગરિકો પોતાની માંગણી, રજુઆત તરફ ધ્યાન ખેંચવા માટે અથવા તો ચોક્કસ ઈરાદાથી જિલ્લા સેવા સદનના પ્રાંગણ અને પ્રાંગણને અડીને પસાર થતાં સંકળાયેલ મુખ્ય રોડ ઉપર પ્રતિક ઉપવાસ, આમરણાંત ઉપવાસ, અને ભુખ હડતાલનું ઓચિંતુ અને મનસ્વી આયોજન કરી આ કચેરીમાં તેમજ જાહેરમાર્ગ પર બાધા સર્જે છે. જેના પરિણામે કચેરીમાં આવતા અરજદારો અને સામાન્ય જનતા માટે દુવિધા સર્જાય છે. જેથી નવસારી જિલ્લામા જાહેર સુલેહશાંતિ અને સલામતિને હાનિ ન પહોચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગરૂપે આગોતરા પગલાં ભરી, ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧નીચે હુકમ કરવો આવશ્યક અને ઉચિત જણાય છે.

વાસ્તે, હું યોગરાજસિંહ બી. ઝાલા જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જિલ્લો-નવસારી, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧), ૩૭ (૩) થી ઉપલબ્ધ જોગવાઈઓ અન્વયે મને મળેલ સત્તાની રૂએ તા.૧૯/૧૧/૨૦૨૫ ના કલાક ૦૦:૦૦ થી તા.૦૩/૧૨/૨૦૨૫ ના કલાક ૨૪:૦૦ (બંને દિવસો સહિત) સુધી કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રીની કચેરી, જિલ્લાની તમામ પ્રાંત કચેરીઓ તથા નવસારી જિલ્લા પંચાયત, પોલીસ અધિક્ષકશ્રી, નવસારીની કચેરી તથા તાલુકા ખાતે આવેલ તાલુકા મામતદારશ્રીની કચેરી, તાલુકા વિકાસ અધિક્ષકશ્રીની કચેરી, જિલ્લાની તમામ મહાનગરપાલિકા તેમજ નગપાઈકા તથા પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડ તેમજ કમ્પાઉન્ડ બહારની ૨૦૦ મીટરની ત્રિજયાના હદ વિસ્તારમાં પ્રતિક ઉપવાસ, આમરણાંત અને ધરણા/ ભુખ હડતાલ ઉપર બેસવા કે ચાર રસ્તા કરતા વધુ માણસોએ એકત્રિત થવા કે સભા/સરઘસ જેવા કૃત્યો કરવા સામે પ્રતિબંધ ફરમાવું છું.

અપવાદ :- આ હુકમ જે વ્યકિત સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય, જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

શિક્ષા :- આ હુકમનો ભંગ / ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫ મુજબ સજાને પાત્ર થશે. નવસારી જિલ્લામાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી નાયબ પોલીસ અધિક્ષકશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે

આ હુકમની જાહેરાત નિર્દિષ્ટ વિસ્તારોમાં સહેલાઈથી જોઈ શકાય તેવી જગ્યાએ તેની નકલો ચોટાડીને પોલીસ ખાતા ધ્વારા કરવી અને સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવી.

આજ તા.૧૭/૧૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

યોગરાજસિંહ બી. ઝાલા
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
નવસારી.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) હેઠળનું અન્વયેનું.

જાહેરનામું

નં.એમએજી/જીપીએ/જાહેરનામું/વશી/૧૭૨૧/૨૦૨૫.– મહીસાગર જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ નથાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાળ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા કે સરઘસ/રેલી કાઢવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું સી.વી.લટા (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, મહીસાગર, માન. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, મહીસાગરના હુકમ ક્રમાંક/એમએજી/સત્તાસોંપણી જાહેરનામાં/વશી/૫૫૮૦/૨૦૧૯, તા.૨૯/૭/૨૦૧૯ થી મળેલ સત્તાની રૂએ નીચે અનુસૂચિ માં દર્શાવેલ વિસ્તારમાં આ જાહેરનામાં અન્વયે તા.૧૮/૧૧/૨૦૨૫ના કલાક ૦૦:૦૦ કલાકથી તા.૦૨/૧૨/૨૦૨૫ના કલાક ૨૪:૦૦ કલાક (બત્રે દિવસો સહિત) સુધીની મુદત માટે અનધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યકિતએ/ વ્યકિતઓને એકી સાથે કોઈ પણ જગ્યાએ ૪ (ચાર) થી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભુખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર માટે મનાઈ ફરમાવું છું.

અનુસૂચિ

જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર, કડાણા તથા ખાનપુર (બાકોર), તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયાનો વિસ્તાર''

આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતોને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમસધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકેની પરવાનગીને.

(૫) સરકારશ્રી ધ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનમાઓ ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે અને ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલના દરજજાથી ઉતારતા ન હોય તેવા અધિકારીશ્રીને આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમો વિરુધ્ધ લેખિત ફરીયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવે છે.

મહીસાગર-લુણાવાડા તા.૧૭મી નવેમ્બર ૨૦૨૫

સી.વી.લટા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
મહીસાગર-લુણાવાડા.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ -૧૬૩ અન્વયેનું

નં.એમએજી/ડ્રોન પ્રતિબંધ/વશી.૮૭૧૩ થી૮૭૪૭/૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્યના તા.૦૯/૧૧/૨૦૨૫ના પત્ર થી માનનીય વડાપ્રધાનાશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાઓ તા.૧૫/૧૧/૨૦૨૫ના રોજ મોજે.અંત્રોલી તા.પલસણા ખાતે બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત નિમિતે પધારનાર છે. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનાઓ Z+ અને SPG સુરક્ષા કવચ ધરાવતા હોય, તેઓની અંગત સુરક્ષા અને કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે તા.૧૨/૧૧/૨૦૨૫ના કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૧૧/૨૦૨૫ કલાક ૨૦/૦૦ના સુધી કાર્યક્રમ દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જાળવણી અર્થેના પોલીસ વિભાગના ડ્રોન સિવાય કોઈ અન્ય ડ્રોન ન ઉડાવી શકે તે અંગેનું જાહેરનામું બહાર પાડવા વિનંતી છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ -૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં નીચેના કૃત્યો માટે પ્રતિબંધ ફરમાવુ છું

પ્રતિબંધિત કૃત્યો

પોલીસ વિભાગના ડ્રોન સિવાય અન્ય કોઈ પણ ડ્રોન ન ઉડાવવા પર

પ્રતિબંધિત વિસ્તાર

સુરત ગ્રામ્ય જિલ્લાના સમગ્ર પ્રવાસ કાર્યક્રમ દરમ્યાન કોન્વોય રૂટ અને મોજે.અંત્રોલી તા.પલસાણા ખાતે બુલેટ ટ્રેન સ્ટેશનની જગ્યા

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૨/૧૧/૨૦૨૫ના કલાક ૦૦/૦૦ થી તા.૧૫/૧૧/૨૦૨૫ કલાક ૨૦/૦૦ સુધી અમલમાં રહશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

અન્ય હુકમ અન્વયે સુરત જીલ્લા (ગ્રામ્ય)માં ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર કે તેનાથી ઉચ્ચ હોદ્દો ધરાવનાર તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નં.એમએજી/તહેવાર/વશી.૮૭૪૮ થી૮૭૮૧/૨૦૨૫.– સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ધોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી કે શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહિ.

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓને ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં. કે એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઈ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહી તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા, કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/ વ્યકિતઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિને કે જેને ઉપરી અધિકારીએ સરકારી બજાવવા આવું કોઈ હથિયાર લઈ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત અથવા પોલીસ અધિક્ષકશ્રી, (રૂરલ) સુરતે અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલિસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(૩) આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસર ની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

વિસ્તાર

''જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે''

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા.૧૨/૧૧/૨૦૨૫ થી તા.૨૬/૧૧/૨૦૨૫ સુધી કરવાની રહશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંધન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નં.એમએજી/તહેવાર/વશી.૮૭૮૨ થી ૮૮૧૫/૨૫.– સુરત ગ્રામ્ય વિસ્તારમાં કોઈપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી તથા જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે સારૂ જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સબબ, હું વિજય રબારી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે

પ્રતિબંધિત કૃત્યો

જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લામાં પરવાનગી વગર કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈપણ જાતની સભા-સરઘર કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

વિસ્તાર

''જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે''

અમલવારીનો સમય

આ હુકમની અમલવારી તા.૧૨/૧૧/૨૦૦૨૫ થી તા.૨૬/૧૧/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તથા ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજજાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

વિજય રબારી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયેનું

ક્રમાંકઃફજદ/શ્રમિક-કામ./પો.વેરી/વશી.૫૪૯૯ થી૫૫૩૦/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર ક્રમાંકઃ LIB/ શ્રમિક-કામ.પો.વેરી./૨૪૮૪/૨૦૨૫, તા.૦૧/૧૧/૨૦૨૫ના પત્રથી જીલ્લામાં આવેલ અલગ અલગ એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોના કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી ન હોવાના કારણે અસામાજીક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહિ ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજયની આંતરીક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

જીલ્લામાં કોઈપણ સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોના જરૂરી ડોક્યુમેન્ટો મેળવી જે તે સંસ્થા/એકમોએ શ્રમિકો/કામદારોના પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટે સંબધિત પોલીસ સ્ટેશનોમાં વિગત આપી તેઓના પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા જરૂરી છે. જેથી જુલ્લામાં કોઈપણ સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોના પૂર્વ ઈતિહાસ, નાગરીકતા અને ઓળખ અંગે જરૂરી કાર્યવાહી કરવા ફરજ પાડતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ડી.વી.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠઠા તથા તમામ પ્રકારનાં ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ જરૂરી ડોક્યુમેન્ટો તથા તેમના વતનમાં નજીકનાં સગા-સબંધીના નામ સરનામાં અને સંપર્ક નંબરની સાચી વિગત જે તે સંસ્થા/એકમો/માલિકો દ્વારા નજીકનાં સબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરજિયાત જમા કરાવવાના રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૧/૧૧/૨૦૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૦૯/૦૧/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

સમગ્ર ડાંગ જિલ્લો

શિક્ષા

આ જાહેરનામનો ભંગ/ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામનો ભંગ/ઉલ્લંઘન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૧૧/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયેનું

ક્રમાંકઃફજદ/શ્રમિક-કામ./પો.વેરી/વશી.૫૪૯૯ થી૫૫૩૦/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર ક્રમાંકઃ LIB/ શ્રમિક-કામ.પો.વેરી./૨૪૮૪/૨૦૨૫, તા.૦૧/૧૧/૨૦૨૫ના પત્રથી જીલ્લામાં આવેલ અલગ અલગ એકમોમાં અને અન્ય ખાનગી એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે છે. રોજગારી આપતી વખતે રોજગારી આપનાર સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોના કોઈ પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટેની પ્રક્રિયા અપનાવવામાં આવતી ન હોવાના કારણે અસામાજીક તત્વો, ગુનાહિત ઈતિહાસ ધરાવતી વ્યકિતઓ અને ભારતીય નાગરિકતા નહિ ધરાવતી વ્યકિતઓને રોજગારી આપી દેવામાં આવે છે. જે આપણા દેશ અને રાજયની આંતરીક સુરક્ષા માટે યોગ્ય અને ઈચ્છનીય નથી.

જીલ્લામાં કોઈપણ સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોના જરૂરી ડોક્યુમેન્ટો મેળવી જે તે સંસ્થા/એકમોએ શ્રમિકો/કામદારોના પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા માટે સંબધિત પોલીસ સ્ટેશનોમાં વિગત આપી તેઓના પૂર્વ ઈતિહાસ અથવા ઓળખ પ્રસ્થાપિત કરવા જરૂરી છે. જેથી જુલ્લામાં કોઈપણ સંસ્થા/એકમો તરફથી શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોના પૂર્વ ઈતિહાસ, નાગરીકતા અને ઓળખ અંગે જરૂરી કાર્યવાહી કરવા ફરજ પાડતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ડી.વી.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રુએ હુકમ કરૂં છું કે, ડાંગ જિલ્લામાં આવેલ અલગ અલગ એકમો, ખાનગી એકમો, કોન્ટ્રાકટરો, ઈંટનાં ભઠ્ઠા તથા તમામ પ્રકારનાં ધંધા રોજગાર ધરાવતા એકમો તરફથી અસંગઠિત શ્રમિકો/કામદારોને રોજગારી આપવામાં આવે ત્યારે દરેક શ્રમિકો/કામદારોની સાચી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા તમામ જરૂરી ડોક્યુમેન્ટો તથા તેમના વતનમાં નજીકનાં સગા-સબંધીના નામ સરનામાં અને સંપર્ક નંબરની સાચી વિગત જે તે સંસ્થા/એકમો/માલિકો દ્વારા નજીકનાં સબંધિત પોલીસ સ્ટેશનોમાં ફરજિયાત જમા કરાવવાના રહેશે.

અમલવારીનો સમય

આ હુકમ તા.૧૧/૧૧/૨૦૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૦૯/૧૧/૨૦૨૬ ક.૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

વિસ્તાર

સમગ્ર ડાંગ જિલ્લો

શિક્ષા

આ જાહેરનામનો ભંગ/ઉલ્લંધન કરનારને ભારતીય ન્યાય સંહીતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામનો ભંગ/ઉલ્લંધન કરવા બદલ ફરિયાદ માંડવા ફરજ પરના પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૧/૧૧/૨૦૨૫ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ડી.વિ.કે.જોષી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ડાંગ-આહવા

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયેનું

ક્રમાંકઃફજદ/જાહેરનામું/વશી-૫૫૩૧ થી ૫૫૬૦/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, ડાંગ આહવાના પત્ર નં. LIB/ ડ્રોન-ભા.અ.ફટા.પ્રતિ.જાહે./૨૪૮૨/૨૦૨૫, તા.૦૧/૧૧/૨૦૨૫ મુજબ હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સમગ્ર ડાંગ જિલ્લામાં ડ્રોન ઉડાડવા તથા મોટા અવાજવાળા ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવવા માટે દરખાસ્ત થઈ આવેલ છે.

વાસ્તે, હું ડી.વી.કે.જોષી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ડાંગ આહવા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ -૧૬૩ થી મને મળેલ સત્તાની રૂએ સમગ્ર ડાંગ જિલ્લાના વિસ્તારમાં ડ્રોન ઉડાડવા તથા મોટા અવાજવાળા ફટાકડા ફોડવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત સમય

